

કાલુપુર
મંદિરમાં
કેસર સ્નાન

કિંમત ₹ ૫ માસિક

# શ્રી સ્વામિનારાયણ

પ્રકાશન દરમાસની ૧૧ તારીખે સળંગ અંક ૧૬૮ ● જુલાઈ-૨૦૨૧

પ્રકાશકઃ- શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧





શ્રી સ્વામિનારાયણ મંદિરકાલુપુરમાં કેસર સ્નાન દરમ્યાન ઠાકોરજીની આરતી ઉતારતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ.લાલજી મહારાજશ્રી



શ્રી સ્વામિનારાયણ મંદિર,
છપૈયાના પાટોત્સવ પ્રસંગે
ઠાકોરજીને અન્નકૂટ



એર ચીફ માર્શલ
કાલુપુર મંદિર દર્શનાર્થે આવ્યા
તે સમયે પ.પૂ.આચાર્ય મહારાજશ્રી
સાથે હળવી પળોમાં





શ્રી સ્વામિનારાયણ મંદિર,
મોટપના પાટોત્સવ પ્રસંગે
સત્સંગ સભા



વડુ ગામે કોવિડ સેન્ટર અને કાર્યકરો સાથે ચર્ચા
કરતાં માનનીય મંત્રી શ્રી ભૂપેન્દ્ર ચુડાસમા



શ્રી સ્વામિનારાયણ મંદિર,
માણસાના પાટોત્સવ પ્રસંગે
ઠાકોરજીને અન્નકૂટ દર્શન



શ્રી સ્વામિનારાયણ બાગમાં સફાઈ તથા અન્ય સેવા કરતા હરિભક્તો




સંસ્થાપક

પ.પૂ.મોટા મહારાજશ્રી
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭,૨૭૪૯૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
www.swaminarayanmuseum.in



શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી



તંત્રી શ્રી

શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી (મહંત સ્વામી)
Mo. : 9313719232

પત્રવ્યવહાર

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
Mo. : 9313706095
magazine@swaminarayan.in
www.swaminarayan.in

એડ્રેસમાં ફેરફાર કરવા

E-mail : manishnvora@yahoo.co.in



લવાજમ

વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦


# શ્રી સ્વામિનારાયણ


શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર






વર્ષ - ૧૪ (મૂળ વર્ષ ૫૪) ● અંક : ૧૬૮ ● જુલાઈ-૨૦૨૧


## અ નુ ક્ર મ ણિ કા


૦૧. અસ્મદીયમ્ ૦૪

૦૨. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી,
પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ ૦૫

૦૩. શ્રી નરનારાયણ ભગવાનના પ્રથમ પૂજારી ૦૬

૦૪. વિહાર ૦૮

૦૫. સર્વાવતારી સર્વોપરી ભગવાન શ્રી નરનારાયણ ૧૨

૦૬. શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી ૧૬

૦૭. ભક્તિસુધા ૧૭

૦૮. સત્સંગ સમાચાર ૧૯

# અસ્મદીયમ્

જગતના સૂચારૂં સંચાલન માટે પરમેશ્વરે બાંધેલી મર્યાદામાં રહીને માનવ પોતાના સર્વ કાર્યો કરે છે ત્યાં સુધી તેનામાં ભગવાનનો વાસ હોય છે. પરંતુ જ્યારે માનવી મર્યાદાનું ઉલ્લંઘન કરે છે ત્યારે તેનામાં દાનવનો વાસ થાય છે. દાનવી પ્રવૃત્તિ સ્વયં માનવને પોતાને અને અન્ય જીવ પ્રાણી માત્રને કેવળ દુઃખજ આપે છે. જે માનવ સંસ્કૃતિથી વિપરીત છે. અને જેનામાં માનવતા છે તે સર્વને દરેક પ્રકારે સદા સુખદાયક જ વર્તન અને આચરણ કરે છે. તેને જ માનવ સાંસ્કૃતિ કહેવાય છે. તેમાં હંમેશા દરેક પ્રકારની મર્યાદાનું પાલન હોય છે. તે જ મર્યાદાનું જ્યાં ઉલ્લંઘન થાય ત્યાં માનવ પ્રકૃતિ યાને સ્વભાવ ભળે છે. પ્રકૃતિ ભળે એટલે સંસ્કૃતિમાં વિકૃતિ આવે છે. વિકૃતિનું નામ જ દાનવતા છે. એવી દાનવતા ક્યારેય પણ સમાજમાં અને પોતાને લેશ માત્ર પણ સુખ કે શાંતિ આવવા દેજ નહીં. જેમ જળનો સ્વભાવ શાન્ત અને શીતળ છે. પરંતુ તેમાં એક માત્ર નાનકડો ચૂનાનો ગાંગડો નાખવામાં આવે તો તેમાં ભારે ઉફાણ આવી જાય છે. જે વિકૃત માણસના વિચારોમાં આવે છે. તેમ જ તે જળ તુરંત જ શીતળતાનો ત્યાગ કરીને ઉષ્ણ થઈ જાય છે. તેમ ચૂનાના ટૂકડાની જગ્યાએ માણસમાં જ્યારે અહંકાર ભળે છે ત્યારે માનવીની પણ એજ દશા થાય છે. પછી તે અહંકારી મનુષ્ય વિવેક અને મર્યાદાને એક તરફ કરીને દાનવો કે અસુરો જેવું વર્તન પોતાના જ આદરણીઓ સાથે કરવા લાગે છે. પછી ભલે ને તે રાવણની જેમ હોય તો પણ એ અસુરમાં જ ગણતરી થાય છે. માટે સાવધાન થઈને આવી કોઈપણ પ્રવૃત્તિ આપણા જીવનમાં ક્યારેય ન આવે તેવી હંમેશા ભગવાન શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના કરતા રહેવું એજ પરમ એકાન્તિક ભક્તિ છે.



તંત્રીશ્રી (મહંત સ્વામી)
શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના
જયશ્રી સ્વામિનારાયણ

## પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની

# તવારીખ





જૂન 25

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવને
કેશર સ્નાન પોતાના વરદ્ હસ્તે સંપન્ન થયું.



પર્વ

# શ્રી નરનારાયણ ભગવાનના પ્રથમ પૂજારી

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

ઉધ્ધવાવતાર સદ્‌ગુરુ શ્રી રામાનંદ સ્વામી દંઢાવ્ય પ્રદેશ ઉત્તર ગુજરાતમાં સત્સંગ વિચરણ કરતા મેઉ ગામે પધાર્યા ત્યાં અનેક મુમુક્ષુઓને સત્સંગ કરાવ્યો. થોડા દિવસ રોકાયા. ત્યાં બેચરભાઈ પંચોળી કરીને પવિત્ર બ્રાહ્મણ સ્વામીના નિષ્ઠાવાન અનન્ય સેવક રહેતા હતા. તેમને રામાનંદ સ્વામીને પ્રાર્થના કકાલે મારા ઘેર થાળ જમવાનું નિમંત્રણ આપું છું. ભૂદેવનો પવિત્ર ભાવ જોઈને સ્વામીએ આમંત્રણ સ્વીકારી લીધું. બીજે દિવસો રામાનંદ સ્વામી બેચર પંચોળીના ઘેર થાળ જમવા શિષ્યોની સાથો પધાર્યા. ભકતાએ શુધ્ધ ભાવથી બનાવેલ રસોઈ સ્વામી શિષ્ય મંડળ સહિત જમ્યા. પછી ગાદી તકિયા બિછાવેલ આસન ઉપર પધરાવી પૂજા, ચરણ પ્રક્ષાલન, આરતી, સ્તુતિ કરી દંડવત પ્રણામ કર્યા. તે સમયે ઉધ્ધવાવતાર સદ્‌ગુરુ રામાનંદ સ્વામી ખૂબજ પ્રસન્ન મુદ્રામાં અમી ભરેલી નજરોથી ભક્તની સામું જોઈને પ્રસન્ન થઈને બોલ્યા : ‘‘તમારે ઘેર ‘સનંદન’ નામે સનકાદિક અવતાર ધારણ કરશે.’’ આજીવન બ્રહ્મચર્ય વ્રત રાખીને ભગવાનની સેવા કરશે અને સંપ્રદાયના સર્વપ્રથમ મંદિર શ્રી નરનારાયણ ભગવાનના પ્રથમ પૂજારી બનશે. આવા આશીર્વાદ સાંભળીને બેચર પંચોળી તથા તેમના પત્નિ બંને દંપતી બહુજ રાજી થયા. રામાનંદ સ્વામી થોડા દિવસ રહીને મેઉ ગામથી વિદાય લઈ નજીકના લાંઘણજ ગામે પધાર્યા.

ગુરુ રામાનંદ સ્વામીના કૃપાવચનથી સારા દિવસો નજીક આવતા આનંદ આનંદના ઓડકાર આવતા રહ્યા. વિક્રમ સંવત ૧૮૫૪ મહા સુદી પંચમીના શુભ દિવસે મેઉના બેચર પંચોળીના ઘેર સાક્ષાત્ સનંદન નામે બ્રહ્માજીના માનસ પુત્ર સનકાદિક પુત્ર રૂપે જન્મયા. માતા-પિતાએ પોતાના પુત્રમાં સ્વયંભુ સદ્‌ગુણો જોઈ ઘણા રાજી થયા અને દલસુખરામ નામ પાડ્યું. મેઉ ગામના લોકો અને સગાસંબંધીઓ બાળકને જુએ ત્યારે કોઈ મોટા દૈવી આત્માએ જ જન્મ ધારણ કર્યો છે તેવી ચર્ચા લોકમાં થવા લાગી. આઠમાં વર્ષે વેદોક્ત વિધિ સાથે યજ્ઞોપવિતના સંસ્કાર કર્યા ત્યારે બ્રહ્મચર્યવ્રતના ધર્મ સંબંધી આજીવન બ્રહ્મચર્યવ્રત રાખવાનો દઢ સંકલ્પ કર્યો.

બેચર પંચોળીએ બાર વર્ષના દલસુખને વિદ્યાભ્યાસ કરવા મછિયાવ ગામે મામા મુળજી (મુળજી બ્રહ્મચારી)ને ત્યાં મૂક્યા. દલસુખરામ અને મુળજીને મામા-ભાણેજનો સંબંધ હતો. નાના એવા દલસુખ મછિયાવ રહીને વિદ્યાભ્યાસ કરતા હતા.

એકવાર શ્રી સ્વામિનારાયણ ભગવાન મછિયાવ પધાર્યા. તે સમયે દલસુખ પંચોળી ગામને પાદર બાળકો ભેળા રમત રમતા હતા. શ્રીજી મહારાજે બાળક દલસુખનું નામ લઈને બોલ્યા. નામ સાંભળી દલસુખ તુરંત મહારાજની પાસે આવી ચરણ સ્પર્શ કર્યા. દલસુખને કહ્યું કે, ફઈબાને કહી આવ જે રોટલા લાવે અને રંગાફૂઈને કહેજે માખણ લાવે. તે સાંભળી દલસુખ તુરંત ફઈબા અને રંગાફૂઈના ઘેર જઈ કહી રોટલો અને માખણ મહારાજને જમાડવા લઈ આવ્યા અને મહારાજે

તળાવને કિનારે પગંત કરી સંતોને જમાડ્યા. તે સમયે દલસુખની ઉપર શ્રીજી મહારાજ બહુ પ્રસન્ન થઈ માથા ઉપર હાથ મૂકીને બોલ્યા કે, તમારા મામાની જેમ અમારી સેવા કરજો.

બસ બાળ માનસમાં શ્રીજીમહારાજના આ શબ્દો વારંવાર સ્મૃતિ કરાવવા લાગ્યા. એકવાર શ્રીહરિ મછિયાવ પધાર્યા ત્યારે માતા-પિતાની રજા લઈ દલસુખ શ્રીહરિની સેવામાં સાથે ચાલી નીકળ્યા. કેટલાક સમય પછી શ્રીજી મહારાજે નૈષ્ઠિક બ્રહ્મચારીની દીક્ષા આપી આનંદાનંદ વર્ણી નામ રાખ્યું. મામા મૂળજી બ્રહ્મચારીની સાથે મહારાજની સેવામાં અખંડ રહેતા. એકવાર શ્રીજી મહારાજે કહ્યું કે આ વર્ણી બહુ નાના છે પણ રામાનંદ સ્વામીના વચનથી સનંદન નામે સનકાદિક અવતાર ધારણ કરીને આવ્યા છે.

સંવત ૧૮૭૮ ના વર્ષમાં શ્રી સ્વામિનારાયણ ભગવાને સંપ્રદાયનું સર્વપ્રથમ મંદિર કાલુપુર અમદાવાદમાં સ્વહસ્તે બાથમાં લઈને શ્રી નરનારાયણ ભગવાનની સ્થાપના કરી ત્યારે મહારાજે વિચાર કર્યો કે, પ્રથમ મંદિર છે વળી મોટું શહેર છે. તથા નરનારાયણ ભગવાન નૈષ્ઠિક વ્રત વાળા છે. જો બ્રહ્મચારી સેવામાં હોય તો સારુ. આમ વિચારી આનંદાનંદ વર્ણી (મોટા)ને શ્રી નરનારાયણ ભગવાનના સર્વ પ્રથમ મંદિરના સર્વ પ્રથમ ત્યાગી બ્રહ્મચારીને પૂજા-સેવામાં રાખ્યા. તે વખતે મહારાજે ઉભા થઈ આનંદાનંદ વર્ણીને પોતાના કંઠમાંથી લઈને હાર પહેરાવ્યો. અને કહ્યું કે, અમે આ મંદિરમાં શ્રી નરનારાયણદેવમાં અખંડ બિરાજમાન રહીશું તો તમે હવે પછી શ્રી નરનારાયણના સ્વરૂપની અમારી જેમ પ્રગટ ભાવ રાખીને સેવા કરજો. અમે હંમેશની જેમ તમારી સેવા મૂર્તિઓમાં રહીને અંગીકાર કરીશું.

ત્યારબાદ સભા તરફ જોઈને શ્રીહરિ કહે, આ આનંદાનંદ વર્ણી તો તેમના મામા મૂળજી બ્રહ્મચારી જેવા બહુ પવિત્ર, ભોળા, શ્રધ્ધાવાળા, પ્રમાદ રહિત, નિષ્કપટ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય સહિત ભક્તિવાળા છે. જેમ અમને પવિત્ર ભક્તના હાથની સેવા જ ગમે છે તેમ શ્રી નરનારાયણ ભગવાનને પણ એવું જ અંગ છે. આનંદાનંદ વર્ણીના પવિત્ર ભાવથી શ્રી નરનારાયણ ભગવાન પ્રત્યક્ષ થાળ જમતા તથા વર્ણીને મહારાજનો વિયોગ ન થાય તે સારુ શ્રીજી મહારાજ મૂર્તિઓમાં રહીને સેવા અંગીકાર કરતા હોય તેવો અનુભવ સદાય રહેતો તેથી રસોઈ બનાવતા પહેલા નિત્ય મૂર્તિઓને પૂછી પૂછીને થાળ રસોઈ કરતા તેમજ શહેરના હરિભક્તોને સ્વપ્નમાં દર્શન આપીને પ્રેરણા કરતા. આવો પ્રત્યક્ષ પ્રગટ ભાવ શ્રીહરિએ આ સત્સંગમાં પ્રવર્તાવ્યો છે. તે આજ પણ અનેક ભક્તોને અનુભવ થાય છે. આનંદાનંદ વર્ણી રાત્રે શયન આરતી અને પોઢણિયા બોલ્યા પછી નિજમંદિરમાં કલાક બે કલાક સુધી રહેતા. ત્યારે બીજા ત્યાગી, ગૃહસ્થોને શંકા થતી કે ઠાકોરજીને પોઢ્યા પછી વર્ણી અંદર કેમ બેસી રહે છે ? તો અન્ય વર્ણી અંદર જોવા ગયા તો આનંદાનંદ વર્ણીને શ્રી નરનારાયણ ભગવાનની મૂર્તિઓની ચરણચંપી કરતા જોયા. ત્યારે બધાને અનુભૂતિ થઈ કે, આ વર્ણી તો મહારાજે કહ્યું તેમ મૂળજી બ્રહ્મચારી જેવા જ છે. તેમજ મહારાજને થાળ મૂકતા તો સામે બેસીને નાના-નાના કોળિયા બનાવી બનાવીને મુખમાં મૂકતા હતા. વર્ણી નિત્ય થાળ, રસોઈ નિત્ય કર્મ વિના ભગવાનની સામે બેસી માળા ફેરવતા એવી પ્રગટ સેવામાં હાજરા હજૂર રહેતા. વળી મધ્યાહન અને શયન ઠાકોરજી પોઢી જાય પછી પોતાના નિત્ય નિયમો રોજ ફુલહાર તૈયાર કરવા, ચંદન ઘસવું, તુલસી લઈ આવવા વિગેરે સેવાકિય પ્રવૃતિ કરવામાં વ્યસ્ત રહેતા. દિવસની નિંદ્રાનો શ્રીજી મહારાજે નિષેધ કર્યો છે. માટે દિવસે નિંદ્રા ત્યાગ અને રાત્રિમાં પણ ૩ થી ૪ કલાકની નિંદ્રા લેતા. દરરોજ એકસો સાષ્ટાંગ દંડવત અને પ્રદક્ષિણા નિયમિત કરતા. આવા શ્રેષ્ઠ ગુણો સદ્‌ગુરુ શ્રી આનંદાનંદવર્ણીમાં હતા. તેથી જ શ્રીજી મહારાજે પ્રથમ મંદિરના પ્રથમ પૂજારી તરીકે સેવામાં રાખ્યા. વર્ણીએ દંઢાવ્ય દેશના મેઉ ગામનું ગૌરવ વધારી સંપ્રદાયના એક મહત્વના ઈતિહાસમાં સ્થાન અપાવ્યું છે. મેઉના વતની બેચર પંચોળીના પુત્રરત્ન દલસુખરામ પંચોળી - વર્ણી આનંદાનંદ બ્રહ્મચારીની સેવાના દર્શન કરવા ત્યાગી-ગૃહી દેશ દેશાંતરથી ધામોધામથી આવતા એવા સનંદન અવતાર વર્ણીન્દ્ર આનંદાનંદજીના ચરણોમાં કોટી કોટી વંદન.

## અમદાવાદ શહેર નજીક શ્રી સ્વામિનારાયણ ભગવાનના પ્રસાદીના ગામો

# વિહાર

- સંકલન : પ્રફુલ ખરસાણી








અમદાવાદથી માણસા એસ.ટી. બસ જાય છે. તેમાં માણસા ઉતરી ત્યાંથી વિસનગર, મહેસાણા જતી એસ.ટી. બસ દ્વારા વિહાર જવાય છે. આ ગામ તા. માણસા અને જી. ગાંધીનગરમાં આવેલું છે. આ ગામમાં સ્વામિનારાયણ ધર્મ સિવાય બીજો કોઇ ધર્મ નથી. આર્થિક અને સામાજીક રીતે વિકસિત આ એક ગામ છે.

અહીંનું મંદિર દક્ષિણાદા બારનું છે. શ્રી સ્વામિનારાયણ ભગવાનની સુંદર પટ મૂર્તિ પધરાવેલી છે. મંદિરના દરવાજા ઉપર સુંદર નવ્ય, ભવ્ય વિશાળ ટાવર છે. પહેલાં આ મંદિરની જગ્યા પટેલ હિરાચંગાવતની હતી અને તેઓએ મંદિર બનાવવા કૃષ્ણાર્પણ આપેલી. આગામમાં શ્રીહરિએ સાત વખત પધારી અનેક લીલાઓ કરી પોતાના ભક્તોના મનોરથ પૂર્ણ કર્યા છે. અહીં પોયણા નામે પ્રસાદીનું તળાવ છે. જ્યાં શ્રીહરિએ પાંચસો પરમહંસો સહિત સ્નાન કરેલું છે. ભાગોળે હાલમાં જે વડ છે અને તેની નીચે છત્રી છે ત્યાં શ્રીહરિએ સભા કરી ઉપદેશ કરેલો. કુબેરદાસ પટેલના ઘરમાં રસોઇ કરાવતા તે ઓરડી હાલમાં મોજૂદ છે. હાલમાં બાઇઓનું મંદિર છે તે પ્રસાદીનું છે. તે જગ્યાએ હરિભક્તોના ખૂબ આગ્રહથી શ્રીજી મહારાજે મંદિર કરવાની આજ્ઞા આપી હતી.

ભગવાન સ્વામિનારાયણે પોતાના સંતો પાર્ષદો તથા હરિભક્તો સહિત વિહાર ગામમાં વારંવાર પધારી અદ્‌ભુત લીલાઓ કરી તથા પોતાનો ઐશ્વર્ય પ્રતાપ સૌને જણાવી વિહારગામ ભૂમિને નૈમિષારણ્ય ક્ષેત્ર જેવી પવિત્ર બનાવી છે. શ્રીહરિ વિહાર પધારતા અને પોતાના ભક્તજનોને પોતાના દર્શનનું અતિ સુખ આપતા તે પ્રસંગને સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીએ ''ભક્તચિંતામણી'' ગ્રંથના પ્રકરણ ૮૩માં નીચે પ્રમાણે વર્ણવ્યો છે.

**પછી વાલ્યમો આવ્યા વિહાર,**
**તિયાં રજની રહ્યા મોરાર ॥**
**વાલે વેદનો ભેદ દેખાડ્યો,**
**હિંસા અહિંસા સંશય ઉખાડ્યો ॥૧૭॥**

પછી ત્યાંથી પધારીયા શ્યામ, આવ્યા ગિરિધર ગેરીતે ગામ ॥ આ પ્રમાણે શ્રીહરિએ માણસાથી વિહાર પધારી અજ્ઞાની મનુષ્યોને હિંસા-અહિંસા વિષે તથા ધર્મ-અધર્મ વિષે ઉપદેશ આપી સાચો કલ્યાણનો માર્ગ બતાવ્યો તે પ્રસંગ નિષ્કુળાનંદ સ્વામીએ ઉપર પ્રમાણે ''ભક્તચિંતામણી'' ગ્રંથમાં નોંધ્યો છે.

એક સમયે શ્રી સ્વામિનારાયણ ભગવાન પોતાના સંતો પાર્ષદો સહિત દંઢાવ્ય દેશમાં વિચરણ કરતા કરતા સંવત





## અમદાવાદથી વિહાર જવા

રોડ મારફત
૧ કલાકને ૩૧ મિનિટ
એરપોર્ટથી
૧ કલાકને ૧૫ મિનિટ

૧૮૭૫માં વિહાર ગામમાં પધાર્યા. તે સમયે કોઈ સત્સંગી ન હતું. આખું ગામ શક્તિ પંથી હતું. અને તે ગામમાં બ્રાહ્મણ જ્ઞાતિના જે બ્રાહ્મણો હતા તે પણ શક્તિપંથી અને કામણ ટુમણવાળા હતા અને એવાતો બળીયા કે ઉડતું પંખી મંત્ર બળથી મારે તેવી તાકાત ધરાવતા. તેવામાં ગામના પૂર્વના કોઈ સતકર્મે કરીને ગામની ભાગોળે તળાવના કિનારે હાલમાં જે જગ્યાએ વડ છે તે જગ્યાએ પાંચસો પરમહંસો સહિત શ્રીજી મહારાજ પધારેલા અને મહાપ્રભુને ગામની ભાગોળે આવેલા જાણીને ગામના આગેવાનો જેવા કે પીતામ્બર ત્રવાડી, તુલસીદાસ પટેલ તથા ગામના સર્વેજનો શ્રીજી મહારાજને ભગવાન જાણીને નહિ પરંતુ ગામની ભાગોળે કોઈ બાવો જમાત લઈને આવેલ છે તેમ જાણીને દરેકે પોતપોતાના મનમાં નિશ્ચય કર્યો કે જો બાવો સાચો ભગવાન હશે તો આપણે દરેકને પોતપોતાનાં નામો લઈને બોલાવે તો તે ભગવાન સાચા અને જો તે પ્રમાણે ના કરેતો દરેકે ભેગા મળીને તેમના ઉપર ધૂળ, કાદવ કિચડ ઉડાડીને તેમને ગામના સીમાડાથી દૂર કાઢી મૂકવા. આવો નિશ્ચય કરી સર્વે ધૂળની (માટીની) પોટલીઓ ખભે કરી જ્યાં શ્રીજી મહારાજ ભાગોળે વડ નીચે બિરાજેલા છે ત્યાં ચાલવા માંડ્યા અને થોડે દૂર આવતા જોઈને શ્રીજી મહારાજ અમિમય દૃષ્ટિથી દરેકને પોતપોતાનાં નામો દઈને બોલાવ્યા. તે જાણી સર્વે શરમાઈને ધૂળની પોટલીઓ પોતાની પીઠ પાછળ સરકાવી દઈને શ્રીજી મહારાજને શરણે આવીને પોતાની ભૂલોની માફી માગી અને નમ્ર વદને કહેવા લાગ્યા કે હે મહાપ્રભુ સર્વેના અંતર્યામી સર્વેના નિયંતા સર્વેશ્વર મહાપ્રભુ તમે જ છો ! અમો બુધ્ધિહિન હોવાથી આપનો અપરાધ કર્યો છે તો તે અપરાધને ક્ષમા આપો.ત્યારે શ્રીજી મહારાજે દરેકને સભામાં બેસવાની આજ્ઞા કરી અને ઉપદેશની વાતો કરી અને મનુષ્ય જન્મનું શું કર્તવ્ય છે તે ઉપર ઘણી વાતો કરી અને ધર્મ અધર્મ વિષે સમજણ આપી તે ઉપદેશ સાંભળીને બે હાથ જોડીને સર્વે ભક્તજનો શ્રીજી મહારાજને પૂછવા લાગ્યા કે, હે મહાપ્રભો ! હે અધમ ઉધ્ધારણ અમારા જેવા શક્તિપંથીઓનો ઉદ્ધાર ક્યારે થશે ? અમોએ અમારી અજ્ઞાનતામાં ઘણાં પાપો કર્યા છે તો હે ભક્તવત્સલ પ્રભુ આપ અમારી ઉપર દયા કરો અને અમારા પાપ નિવારણ થાય તેમ કરો. ત્યારે શ્રીજી મહારાજે કહ્યું કે, ગમે તેવો પાપી જીવ હોય પરંતુ ભગવાનને શરણે આવીને પાપનો પશ્ચાતાપ કરે તો તેના ઉપર ભગવાનનો રાજીપો થાય છે ને કરેલા પાપો બળીને ભસ્મીભૂત થઈ જાય છે. તેવું સાંભળી દરેક આશ્ચર્ય પામ્યા અને કહેવા લાગ્યા કે, હે દયાળુ મહાપ્રભુ આપ અમારા જેવા પાપીઓનો ઉધ્ધાર કરો. એમ પ્રાર્થના કરવાથી પરમ દયાળુ શ્રી સ્વામિનારાયણ ભગવાન પાંચસો પરમહંસ સહિત વાજતે ગાજતે ગામમાં પીતામ્બરદાસ ત્રવાડીને ઘેર પધાર્યા અને ત્યાં સભા કરી ઉપદેશ સાંભળીને ગામના તુલસીદાસ પટેલ તથા કુબેરદાસ પટેલ વિગેરે વર્તમાન ધારીને શ્રીહરિના આશ્રિત થયા. શ્રીજી મહારાજ તથા પાંચસો પરમહંસોને જમાડવા માટે તે સર્વે ભક્તોએ બ્રાહ્મણોને બોલાવી રસોઈ કરાવી.તે જાણી શ્રીજી મહારાજે પીતામ્બરત્રવાડીને બોલાવીને કહ્યું કે તમારા ગામના



સર્વજનોને અમારા ઉપર ઘણો ભાવ જણાય છે તો આ રસોઇ તૈયાર થઇ છે તો તેમાંથી આખા ગામને જમાડો અને પાછળથી અમો જમીશું. આ વાત સાંભળીને ગામના આગેવાનો વિચાર કરવા લાગ્યા કે, રસોઇ થોડી છે અને આખા ગામના માણસોની સંખ્યા વધારે છે આવો સંકલ્પ જાણીને અંતર્યામી મહાપ્રભુએ કહ્યું કે રસોઇની ચિંતા કરવાની જરૂર નથી. તમો ચિંતા કર્યા સિવાય આખા ગામના માણસોને જમવા માટે આમંત્રણ આપી આવો. અમો અમારે જાતે દરેકને જમાડીશું. તમો જરાય ચિંતા કરશો નહિ. જેમ કૌરવોની સભામાં દુર્યોધને દ્રોપદીનાં ચીર ખેંચવા માંડ્યા ત્યારે ભગવાને નવસોને નવ્વાણું ચીર પૂર્યા, નરસિંહ મહેતાની હૂંડી ભગવાને સ્વીકારી તેમ ભક્તની લાજ ભગવાન રાખે છે. ભક્તનું કામ ભગવાન પોતે કરે છે. તેવું સાંભળી દરેક રાજી થયા અને આખા ગામને જમવાનું આમંત્રણ આપી આવ્યા. જ્યારે રસોઇ તૈયાર થઇ ત્યારે રસોઇની આરતી ઉતારી તેમાં લાડુની પરાત ઉપર કપડું ઢાંકીને એક બાજુથી રસોઇ લેવી એવી શ્રીજી મહારાજે દરેકને આજ્ઞા કરી જ્યારે સર્વે જમવા લાઇનમાં બેઠા ત્યારે લાડુની પરાત શ્રીજી મહારાજે પોતે લીધી અને પંકિતમાં પીરસવા લાગ્યા. પીરસતા પીરસતા દક્ષિણબાજુ આવે ત્યારે એક લીંમડાના લાકડા ઉપર બેસે અને પીરસતા પીરસતા ઉત્તર બાજુ જાય ત્યારે કુબેરદાસના મકાનમાં અનાજ દળવાની ઘંટી તેના ઉપર જઇને બેસે એવી લીલા કરતા વારંવાર પંક્તિમાં ફરતા અને દરેકને જમાડીને તૃપ્ત કર્યા. આખું ગામ જમી ગયા પછી ગામના આગેવાનો રસોઇ જોવા ગયા ત્યારે જે પ્રમાણે પ્રથમ હતી તે પ્રમાણે તેટલી રસોઇ જોઇ આશ્ચર્ય પામ્યા અને સર્વેના મનમાં નિશ્ચય થયો કે આ કામ કોઇ સામાન્ય માણસનું નથી આવું કામતો ભગવાન સિવાય બીજા કોઇથી ન થાય. પછી સર્વે હાથ જોડીને ભગવાનને કહેવા લાગ્યા કે હે વિશ્વંભર ભગવાન આપ હવે જમી લો. ત્યારે શ્રીજી મહારાજે પાંચસો પરમહંસો સાથે જમવા બેઠા. તે પંક્તિનાં દર્શન કરવા ગામના મુમુક્ષો આવ્યા અને દેવોને પણ દુર્લભ એવાં દર્શન કરી કૃતાર્થ થયા. પછી શ્રીજી મહારાજ ગામ ગેરીતા જવા તૈયાર થયા અને ગામના ભાવિક ભક્તો શ્રીજી મહારાજને ગામના સીમાડા સુધી મૂકવા ગયા.

એક સમયે શ્રીજી મહારાજ વિહાર ગામમાં બીજી વખત પધાર્યા. શ્રીહરિ પોતાના ગામમાં પધારે છે તેવા સમાચાર સાંભળી ગામના સર્વે ભક્તજનો શ્રીજી મહારાજનું સામૈયું કરવા સામા ગયા. અને સામૈયું કરી શ્રીજી મહારાજને વાજતે ગાજતે ગામમાં પીતાંબર ત્રવાડીને ઘેર લાવ્યા. તેવા સમયમાં પીતાંબર ત્રવાડીને એક મકાન નવું થતું હતું. તે સમયે શ્રીજી મહારાજે દૂધ પીવાની ઇચ્છા કરી ત્યારે પીતાંબર ત્રવાડીએ કહ્યું કે, હે મહારાજ અત્યારે ભેંસો ખેતરે ઘાસ ચરવા ગઇ છે તો તે આવે ત્યારે તાજું દૂધ લાવી આપીશું. તેવું સાંભળી શ્રીજી મહારાજ બોલ્યા કે તમારે ઘરના આંગણે ભેંસ બાંધેલી છે તો ખોટું શા માટે બોલો છો ? ત્યારે ત્રવાડીએ હાથ જોડીને કહ્યું કે પ્રભુ તે ભેંસ નથી તે તો બે વર્ષની નાની પાડી છે. તે સાંભળી શ્રીજી મહારાજ બોલ્યા કે તમો તે પાડીને દોહવા બેસો તે જરૂર દૂધ આપશે. તેવું વચન સાંભળી વચનમાં વિશ્વાસ રાખીને ત્રવાડીએ પોતાનાં બેન જે માનબાઇ હતાં તેમને કહ્યું કે આ પાડીના આંચળમાંથી દૂધ ખેંચો. ત્યારે માનબાઇ દોવા બેઠાં ત્યારે બે વર્ષની નાની પાડીએ દૂધ આપ્યું. અને તે દૂધ શ્રીજી મહારાજે રાજી થઇને પીધું. આ વાતની આખા ગામમાં ખબર પડી ત્યારે સર્વે આશ્ચર્ય પામ્યા. અને ભગવાન શ્રીહરિનો દૃઢ આશરો કરવા લાગ્યા અને પ્રાર્થના કરીને કહેવા લાગ્યા કે તમો અમારા ઉપર ખૂબ રાજી રહો અને સદાને માટે અમોને સુખી રાખી તમારી પાસે રાખશો. શ્રીજી મહારાજ જમેલા તે પ્રસાદીનાં વાસણો જેવાં કે, થાળી, વાટકા, પ્યાલા, તાંબાની પરાત વિગેરે હાલમાં ત્રવાડી કુટુંબમાં છે. બીજાં પ્રસાદીનાં સ્થળો જેવાં કે પોયણ નામે તળાવ છે ત્યાં પાંચસો પરમહંસ સહિત શ્રીજી મહારાજે સ્નાન કરેલું, ભાગોળે હાલમાં જે વડ છે અને તેની નીચે છત્રી છે ત્યાં સભા કરી ઉપદેશ કરેલો, પીતાંબર ત્રવાડીને



વરાહ ભગવાનની પ્રાચીન મૂર્તિ

વિશેષમાં શ્રીજી મહારાજે સ્વહસ્તે આપેલી ભગવાનની મૂર્તિ છે. કુબેરદાસ પટેલના ઘરમાં રસોઈ કરાવતા તે ઓરડી હાલમાં મોજૂદ છે. અને તેમના વારસોએ પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજ શ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજની શુભ આજ્ઞાથી તે ઓરડી મંદિરમાં કૃષ્ણાર્પણ કરી છે.

શ્રીજી મહારાજ જયારે વિહાર ગામમાં આવતા ત્યારે સર્વે સામૈયું કરી ગામમાં પધરાવતા. એક દિવસ હરિભક્તોએ પ્રાર્થના વંદન કરી શ્રીજી મહારાજને કહ્યું કે, દરરોજ તમારાં દર્શન થાય તેવું વરદાન આપો. ત્યારે મહાપ્રભુએ કહ્યું કે આ માઢની બાજુમાં જે જગ્યા છે તે જગ્યાએ એક સુંદર મંદિર કરાવી તેમાં અમારી મૂર્તિઓ પધરાવો અને તે મૂર્તિઓમાં રહીને અમો સદાયને માટે તમોને દર્શન દઈશું. તેવાં વચન સાંભળીને સર્વે સભાજનો રાજી થયા ને મંદિર કરવાનો મનમાં દૃઢ નિશ્ચય કર્યો. અને હાલમાં જે બાઈઓનું મંદિર છે તે જગ્યાએ સહું પ્રથમ મંદિર કરાવ્યું અને તેમાં આદિ આચાર્ય પ.પૂ. શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે સ્વહસ્તે મૂર્તિ પ્રતિષ્ઠા કરેલી. આ પ્રમાણે આખું ગામ શ્રી સ્વામિનારાયણ ભગવાનનું આશ્રિત થયું. અને ગામમાં બીજો કોઈ મત પંથ રહેવા દીધો નહિ અને અત્યાર સુધી તે પ્રમાણે છે.

શ્રીજી મહારાજ જયારે વિહાર ગામમાં પધારે ત્યારે સહું પ્રથમ પીતામ્બર ત્રવાડીને ત્યાં ઉતારો કરે અને જુદી જુદી પ્રસાદીની વસ્તુઓ આપે. તે વખતમાં ત્રવાડીના ઘરની ઉત્તર બાજુની દિવાલે સિંહાસનમાં જે મૂર્તિછે તે શ્રીજી મહારાજે સ્વહસ્તે પ્રસાદી તરીકે આપેલી છે તે મૂર્તિનો ચમત્કાર અલૌકિક છે. ત્રવાડીના વંશમાં તેમનું કુટુંબ સારૂ સત્સંગી છે.

શ્રીજી મહારાજના ઉપદેશથી પીતામ્બર ત્રવાડી પણ પાંચસો પરમહંસોની સાથે શ્રીજી મહારાજની સાથે ઘોડી ઉપર બેસીને ફરતા. તેવામાં એક દિવસ શ્રીજી મહારાજે પીતામ્બર ત્રવાડીને કહ્યું કે હવે ઘોડી ઉપર કયાં સુધી ફરશો? જીવનું રૂડું થાય તેમ કરો. તેવું મહાપ્રભુનું દયા વચન સાંભળી તત્કાળ ઘોડીને વિહાર ગામે મોકલીને તેઓ ભગવાન સાથે રહેવા લાગ્યા. તેવામાં ફરતા ફરતા ઉનાવા



ગામે આવ્યા અને ત્યાં આવીને દીક્ષા ગ્રહણ કરી. દીક્ષા ગ્રહણ કરી કપીલાનંદ બ્રહ્મચારી તરીકે નામ ગ્રહણ કર્યું. અને સદાયને માટે શ્રીજી મહારાજની સેવામાં રહ્યા. અને વિહાર ગામનું નામ ઉજ્જવળ કર્યું.

વિહાર ગામમાં એક હિરાચંગાવત નામે પટેલ હતા. તે શ્રીજી મહારાજના પરમ ઉપાસક હતા. તેઓને શ્રીજી મહારાજ દરરોજ દર્શન આપતા. તેઓ ખેતરમાં જતા અને શ્રીજી મહારાજની સાથે વાતો કરતા ત્યારે ગામના લોકો તેઓની મશ્કરી કરતા કે તમો ગાંડા થઈ ગયા છો કે કેમ ? તમો એકલા એકલા કોની સાથે વાતો કરો છો ? ત્યારે તે બોલ્યા કે સ્વામિનારાયણ ભગવાન પ્રત્યક્ષ આવી મારી સાથે વાતો કરે છે અને વાતોનું પરમ સુખ આપે છે. તેવું સાંભળી સહું આશ્ચર્ય પામતા. તે ભક્તે પોતાનું જે કંઈ હતું તે સર્વે ભગવાનને સમર્પણ કર્યું અને તેમનું ઘર હતું તે મંદિર કરવા માટે આપ્યું. હાલમાં જે મોટું મંદિર છે તે જગ્યા હિરાચંગાવતની હતી. અને તેમને ધામમાં ગયા પછી તે જગ્યાએ સુંદર સુશોભિત મંદિર કરાવ્યું. અને તે મંદિરમાં તથા વિહાર ગામમાં ઘણા યાત્રાળુઓ દર્શનાર્થે આવે છે.

એક સમયને વિષે ગામ વિહારના ત્રવાડી અમુલખભાઈને અંત સમે મહારાજ તેડવા આવ્યાને તે દેહ મેલીને મહારાજ ભેળા અક્ષરધામમાં ચાલ્યા ત્યારે તેમની બેન માનબાઈએ જાણ્યું જે ''આ વાસનિક છે તેથી મહારાજને મૂકીને કોઈક લોકમાં રહી જાશે'' એમ જાણીને પોતે સમાધિ કરીને ઠેઠ અક્ષરધામ સુધી તેને મેલવા ગયાં ને અક્ષરધામમાં મેલીને પાછાં આવ્યા.

આ પ્રમાણે વિહાર ગામમાં સ્વામિનારાયણ ભગવાને પોતાનું અદ્ભુત ઐશ્વર્ય- ચમત્કાર બતાવી અનેકજનોને પોતાના ધામ પરાયણ કર્યા છે. અને વિહારની ભૂમિને પોતાના ચરણાંક્તિ વડે અત્યંત દૈદિપ્યમાન તેમજ અતિ પાવન કરેલી છે.

આપના ગામનો પણ ઈતિહાસ તસવીરો સહિત મોકલશો તો અહિ જરૂર સ્થાન અપાશે.

# સર્વાવતારી સર્વોપરી ભગવાન શ્રી નરનારાયણ

લેખક : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી, બાપુનગર)



जगदन्य तनुस्तथावितुं धरसि त्वं च युगेयुगेऽद्यवै ।
हरिकृष्ण तनुस्त्वयाधृता नरनारायणदेव पाहिमाम् ॥

ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુએ સ્વહસ્તો પધરાવેલા શ્રી નરનારાયણદેવ, લક્ષ્મીનારાયણદેવ, ગોપીનાથજી મહારાજ, શ્રી રાધાકૃષ્ણદેવ આદિક સ્વરૂપો કે મૂર્તિઓને વિશે કોઈપણ પ્રકારનો ભેદ ન જાણવો આ આપણા સંપ્રદાયિક સચ્છાસ્ત્રોનો મત છે. તેમ છતાં શ્રી નરનારાયણદેવનું જ્યારે શાસ્ત્રોમાં અધિકપણે મહિમા વર્ણન આવે ત્યારે ઘણાને આજે પણ શ્રીહરિના જ વચનો અર્થાત્ ઈષ્ટદેવના જ વચનો હોવા છતાં મનાતું નથી એટલું જ નહિ, પોતાની જ ઉપાસના શુધ્ધ હોય અને અન્યની ઉપાસના કાચી હોય તેવું તેઓ દ્રઢ પણે માનતા હોય છે.

વિશ્વના સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદમાં બિરાજમાન શ્રી નરનારાયણ ભગવાનના ૨૦૦ વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યા છે ત્યારે આગામી તા. ૨૭-૨-૨૦૨૨ થી તા. ૫-૩-૨૦૨૨ પર્યંત ભવ્યાતિભવ્ય રીતે **પર્વ** મહામહોત્સવ ઉજવાશે અને હાલમાં પણ તે અંતર્ગત સુંદર કાર્યક્રમો સંપન્ન થઈ રહ્યા છે. ભગવાન શ્રીનરનારાયણની કૃપા અને મરજીથી કોરોના મહામારીનો વિષમકાળ પણ ધીમે ધીમે ઓછો થઈ રહ્યો છે ત્યારે **પર્વ**ની પૂર્વ સંધ્યાએ ભગવાન શ્રી સ્વામિનારાયણ અને ભગવાન શ્રી નરનારાયણમાં અણુંમાત્ર ભેદ ન હોવાથી ભગવાન શ્રી નરનારાયણ પણ સર્વાવતારી સર્વોપરી અને અક્ષરધામના અધિપતિ પણ એ જ ભગવાન છે અને આવું જેઓને દ્રઢપણે મનાય તેના માટે આત્યંતિક કલ્યાણ સુગમ છે.

સૌ પ્રથમ સત્સંગિભૂષણ ગ્રંથનો આધાર લઈએ. આ શાસ્ત્ર બદરિકાશ્રમમાં સૌ પ્રથમવાર સ્વયં નારાયણ ભગવાને નર ભગવાન પ્રત્યે તથા ત્યાં દર્શનાર્થે આવેલા નારદજી પ્રત્યે કહેલું છે. નર અને નારાયણ પણ બન્ને એક જ સ્વરૂપ છે એ પણ સમજી રાખવું.

**તમે (નર) વળી નારાયણમાંઈ,**
**કહીએ અમે ફેર નથી કાંઈ ॥**
**છો તો એકને દિસો છો દોય,**
**તેનો ભેદ જાણે જન કોય ॥**

(ભ.ચિં. પ્ર.-૫)

હે ભક્તો ! અક્ષરાધિપતિ, સર્વકર્તા, નિર્ગુણ, સર્વે અવતારના ધરનાર, સર્વેના સાક્ષી, સર્વેના નિયામક જે શ્રીકૃષ્ણ છે, તે જ કૃપાનિધિ, ભગવાન પુરુષોત્તમ ધર્મદેવ અને મૂર્તિદેવી થકી આ લોકમાં પ્રગટ થઈ બદરીકાશ્રમમાં રહીને કલ્યાણ અર્થે (ભક્તજનોના કલ્યાણ અર્થે), કલ્પ પર્યંત તપશ્ચર્યા કરે છે. તેથી ભરતખંડની પ્રજાને તો એ નરનારાયણનું ભજન જ કલ્યાણકારી છે. (ભૂ.અં.-૩, અ.-૨૮) પછી તે મંદિર (અમદાવાદ)માં આ ભરતખંડના અધિપતિ, **સર્વે અવતારોના ઉત્પતિ કારણ સાક્ષાત્, નરનારાયણ ભગવાનની** હું સ્થાપના કરીશ.

(ભૂ.અં.-૩, અ.-૧૪) હે ભક્તજનો ! તમે સૌ **એકાગ્ર ચિત્તે** મારું વચન સાંભળો. **આ શ્રી નરનારાયણ ભગવાન સાક્ષાત્ આપણા ઈષ્ટદેવ છે. સર્વ અવતારોના કારણભુત છે. અક્ષરધામના અધિપતિ પણ એ જ છે. વસુદેવના ઘેર આ જ નારાયણ પ્રગટ થયા હતા. જ્યારે નર પાંડુ રાજાના ઘેર અર્જુન સ્વરૂપે પ્રગટ થયા હતા.** મેં સ્થાપેલા શ્રી નરનારાયણદેવ સદા મારી સમીપે વર્તે છે. તેમનો વિયોગ મને કદી થતો નથી. એટલા માટે મેં જે જે મંદિરો કરાવ્યા છે તેમાં આ શ્રી નરનારાયણ ભગવાનનું મંદિર સર્વ શ્રેષ્ઠ છે. હું મારા હૃદયમાં હમેશાં **સાક્ષાત્ પુરુષોત્તમ એવા શ્રી નરનારાયણનું સ્મરણ કરું છું. એ જ સર્વોપરી ભગવાન છે. તેમના અધિપતિ કોઈ પણ નથી. મૂળી મંદિરમાં રાધાકૃષ્ણ ભગવાન બિરાજે છે. વૃત્તાલયમાં લક્ષ્મીનારાયણ બિરાજે છે તથા ધવલપુરમાં વૃંદાવનવિહારી મહારાજ બિરાજે છે તે બધી મૂર્તિઓ આજ શ્રી નરનારાયણ ભગવાનની છે. શ્રીમદ્ ભાગવત પુરાણમાં આદિ, મધ્ય અને અંતમાં તથા ભારતમાં અને બીજા પુરાણ શાસ્ત્રોમાં મહર્ષિ વેદ વ્યાસ મુનિએ આ ભગવાનનું જ વર્ણન કર્યું છે. વસુઓ અને રૂદ્રાદિરૂપે સૃષ્ટિના સર્જક અને સંહારક પણ આ જ ભગવાન છે. સર્વ કારણના પણ કારણ આ શ્રી નરનારાયણદેવ જ વિષ્ણુરૂપે જગતનું રક્ષણ કરે છે. "શાસ્ત્રયોનિત્વાત્" વગેરે વેદાંત વાક્યોમાં આ નરનારાયણનું જ ગાન કરેલું છે. જે જે મનુષ્યો અંતકાળે મેં સ્થાપેલ આ નરનારાયણની મૂર્તિનું ધ્યાન કરે છે તેમને તે ભગવાન અવશ્ય અક્ષરધામમાં લઈ જશે.** કળિયુગમાં જ્યારે મનુષ્યોની વિવેક બુધ્ધિ નાશ પામે છે ત્યારે આ જ ભગવાન તેમને ધર્મને વિશે પ્રેરીને તેમનું રક્ષણ કરે છે. આમ ભક્તોના હિતના રક્ષણ માટે જ શ્રીનગરમાં મેં મંદિર કરાવી શ્રી નરનારાયણ ભગવાનને પધરાવ્યા છે. (ભૂ.અં.-૪, અ.-૪૦)

**જે મનુષ્યો આ નરનારાયણાદિ સ્વરૂપોના નિત્ય દર્શન કરશે તેઓ નિશ્ચે આ સંસારથી મુક્ત થઈ જશે. વળી આ શ્રીનગરમાં શ્રી નરનારાયણદેવનો પ્રતાપ પ્રતિદિન અધિકાધિક વધતો જશે અને ભરતખંડવાસી સર્વે જનો અહીં દર્શનાર્થે આવશે. હું આ મૂર્તિઓમાં નિત્યે અખંડ નિવાસ કરીને રહીશ અને સર્વ ભક્તોનાં મનોરથો પૂર્ણ કરીશ.** (ભૂ.અં.-૩, અ.-૩૪) હે અક્ષરધામાધિપતિ પુરુષોત્તમ નારાયણ ! આપે જ ધર્મદેવ થકી નરનારાયણ સ્વરૂપ ધારણ કરેલું છે. અને દુર્વાસા મુનિના શાપનું નિમિત્ત કરી હાલ ભરતખંડમાં ધર્મદેવથી ભક્તિદેવીની કૂખે પ્રગટ થયેલા છો. એવા હે સ્વામિનારાયણ ભગવાન ! (ભૂ.અં.-૫, અ.-૧૦) (આ સ્તુતિ વચન શ્રીહરિ અને શ્રી નરનારાયણદેવની એકતાનું દર્શન કરાવે છે.)

**મેં નરનારાયણ, લક્ષ્મીનારાયણ, ગોપીનાથ વગેરે જે મૂર્તિઓ પધરાવી છે. તેમાં હું સાક્ષાત્ રહેલો છું. છતાં પણ નરનારાયણને વિશે હું અધિકપણે રહ્યો છું. કારણ કે દુર્વાસાના શાપના નિમિત્તથી નરનારાયણરૂપે હું જ અક્ષરધામમાંથી પૃથ્વી ઉપર મનુષ્યરૂપે પ્રગટ થયો છું.** માટે જે ભક્તો નરનારાયણની સેવા કરશે, પૂજા કરશે, ભેટ અર્પણ કરશે તે સેવા, પૂજા, ભેટ વગેરે નરનારાયણ સ્વરૂપે હું જ અંગીકાર કરીશ. થાળ કરશે તો તે થાળ હું જ જમીશ. **તમારા સુખ દુઃખ નરનારાયણ ભગવાનને કહેજો. તેમાં રહીને હું જ તમને સહાય કરીશ.** માટે તમારે કદિ શોક કરવો નહિ. (શ્રીહરિકૃષ્ણ લીલામૃત ઉ.અ. ૧૧૦)

..... તે ભગવાન કેવા છે તો પોતાની ઈચ્છાએ કરીને જીવના કલ્યાણને અર્થે જન્મ ધરે છે. ને જન્મને ધરતા થકા પણ અજન્મા છે. ને દેહને મૂક્તા થકા પણ અજર અમર છે, ને નિરંજન છે. કેતાં માયાના અંજને કરીને રહિત છે, ને મૂર્તિમાન છે, અને સ્વપ્રકાશ છે, પરબ્રહ્મ છે, અક્ષરાતીત છે, અંતર્યામી છે, અનંતકોટિ બ્રહ્માંડના આધાર છે, અને મનુષ્ય દેહને જે ધરવું ને મૂકવું તે તો નટની પેઠે ઈંદ્રજાળ સરખું છે, અનંતકોટિ અક્ષરાદિક મુક્તના નિયંતા છે, ને સર્વેના સ્વામી છે. **એવા જે શ્રીપુરુષોત્તમ નારાયણ તે પ્રથમ ધર્મદેવ થકી મૂર્તિને વિષે શ્રી નરનારાયણરૂપે પ્રગટ થઈને બદરિકાશ્રમને વિષે તપ કરે છે અને વળી તે શ્રી નરનારાયણ તે પૃથ્વીને વિષે કોઈક કાર્યને અર્થે મત્સ્ય, કચ્છ, વરાહ, વામન, રામ, કૃષ્ણાદિક જે દેહ તેને ગ્રહણ કરીને અને** તે પોતાને દેહે કરીને અન્ય જીવના દેહાભિમાનનો ત્યાગ કરાવીને ...... તેમ પુરુષોત્તમ એવા જે શ્રી નરનારાયણ તે અનેક દેહ ધરીને નટની પેઠે ત્યાગ કરે છે. **ને એ શ્રી નરનારાયણ સર્વે અવતારના કારણ છે ને** શ્રી નરનારાયણને વિષે જે મરણભાવ કલ્પે છે તેને અનેક દેહ ધરવા પડે છે ને ચોરાશીના દુઃખોને યમપુરીના દુઃખનો તેને પાર આવતો

નથી. અને જે શ્રી નરનારાયણ ને વિષે અજર અમરપણું સમજે છે તે કર્મ થકી ને ચોરશી થકી મુકાઈ જાય છે. (વ.અ.-૪)

.... ને તે જ શ્રીકૃષ્ણ ભગવાન પોતે શ્રી નરનારાયણ રૂપે કરીને ધર્મ થકી ભક્તિને વિષે પ્રગટ થયા છે. તે માટે આ શ્રી નરનારાયણને અમે અમારું રૂપ જાણીને અતિ આગ્રહ કરીને સર્વેથી પ્રથમ આ શ્રીનગરને વિષે પધરાવ્યા છે. **માટે આ શ્રી નરનારાયણને વિષે ને અમારે વિષે લગારે પણ ભેદ સમજવો નહિ. ને બ્રહ્મધામના નિવાસી પણ એજ છે.....** (વ.અ.-૬) શ્રી નરનારાયણદેવનો વિશેષ મહિમા સમજવા માટે શ્રીહરિના છઠ્ઠા વંશજ પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી લિખિત **'વચનામૃતમાં શ્રી નરનારાયણદેવ'** એ નામની પુસ્તિકાનો સૌએ અચૂક અભ્યાસ કરવો જોઈએ.

સત્સંગિજીવન ગ્રંથમાં પ્રથમ પ્રકરણમાં શતાનંદમુનિ જ્યારે બદરીકાશ્રમમાં પધારે છે ત્યારે સ્વયં નારાયણ ભગવાન તે મુનિ પ્રત્યે વચન કહે છે કે હાલમાં હું આ પૃથ્વી પર ઉપર કૌશલ દેશમાં ધર્મદેવથી તેમનાં પત્ની ભક્તિદેવીમાં પ્રગટ થઈને **'હરિ'** નામથી પ્રખ્યાતિ પામ્યો છું. એ જ નારાયણ ભગવાન ધર્મદેવને પણ વચન કહે છે કે માટે ફરીથી હું તમારા પુત્ર પણાને પામીને હું **હરિ** નામવાળો સાધુ પુરુષોનું પાલન કરીશ અને બધી જગ્યાએથી અધર્મનો નાશ કરીશ. અધ્યાય-૨૦ માં વચન છે કે ત્યારબાદ બે રૂપોવાળા આ ભગવાન (નરનારાયણ) સ્વેચ્છાથી એક મૂર્તિરૂપે થઈ ધર્મદેવના હૃદય કમળમાં (શ્રીહરિ સ્વરૂપે) પ્રગટ થતા હતા. અ.-૯ માં દુર્વાસા મુનિ ધર્મદેવ પ્રત્યે કહે છે. હે ધર્મ ! મનુષ્ય જન્મમાં પણ આ જ મૂર્તિ તમારા પત્ની થશે અને ફરીથી આ નારાયણ ભગવાન જ તમારા પુત્ર થશે. અ.-૨૨ માં પ્રાગટ્ય સમયે શ્રીહરિએ ભક્તિમાતાને અક્ષરધામ વાસી અને બદરીવાસી એવા બે સ્વરૂપોના દર્શન આપી ભક્તિમાતાને કહ્યું છે કે હે ભક્તિ ! **તમારે મારા આ બંને રૂપોમાં કોઈ જાતનો ભેદ ન જાણવો.** ભક્તિમાતા પણ શ્રીહરિને કહે છે. ભૂતલ ઉપર સમગ્ર પ્રાણીઓના કલ્યાણ માટે અવતાર ધારણ કરેલાં તમને હું સાક્ષાત્ પ્રભુ નારાયણઋષિ રૂપે જાણું છું. સ.જી.પ્ર.-૪, અ.-૪૬ માં શ્રીહરિ કહે છે. પુરુષોત્તમ શ્રીકૃષ્ણ આપણા ઈષ્ટદેવ છે. જે ભગવાન ગોલોકમાં તેજો મંડળના મધ્યમાં રહેલા છે તે જ ભગવાન પ્રાણીમાત્રના આત્યંતિક કલ્યાણ માટે પૃથ્વીમાં પ્રાદુર્ભાવ પામેલા છે. ધર્મદેવ અને મૂર્તિદેવીએ અતિ દ્રઢ ભક્તિથી ધ્યાન કરાયેલા શ્રીકૃષ્ણ ભક્તિ ધર્મના અંગથી બે રૂપવાળા વર્ણિવેશને ધારણ કરતા સતા બે રૂપ (નારાયણ અને નર)થી પ્રાદુર્ભાવ પામ્યા. નરનારાયણ નામવાળા શ્રીકૃષ્ણ, મૂર્તિ અને ધર્મને ઈચ્છિત વરદાનથી સંતોષ પમાડીને પછી મનુષ્યોના કલ્યાણ માટે બદરિકાશ્રમમાં આવ્યા. કર્મભૂમિ રૂપ આ ભરતખંડમાં પોતાને શરણે આવેલા મનુષ્યોની ભુક્તિ અને મુક્તિ માટે તપ કરતા થકા તે ભગવાન બદરીવનમાં બિરાજે છે. હે જનો ! પૃથ્વીનો ભાર હલકો કરવા માટે બ્રહ્માદિ દેવોએ પ્રાર્થના કર્યા થકા આ પૃથ્વી ઉપર યદુ અને કુરુના વંશમાં કૃષ્ણ અને અર્જુન પ્રાદુર્ભૂત થયેલા હતા. **તે આ નરનારાયણને મેં આ શ્રીનગરમાં સ્થાપન કરેલા છે. આ શ્રીનરનારાયણદેવની પ્રેમપૂર્વક સેવા કરવાથી મનુષ્યોનું સર્વ કરતા અધિક કલ્યાણ થશે. જે જનો દરરોજ નિયમપૂર્વક દર્શન કરશે તે જનો ઈચ્છિત ભુક્તિ અને મુક્તિ પામશે તેમાં સંશય નથી. શ્રી નરનારાયણદેવની શ્રધ્ધાપૂર્વક સેવા કરવાથી પુત્રાર્થી પુત્ર, ધનાર્થી ધન, વિદ્યાર્થી વિદ્યા અને કામુક પુરુષો કામને પામશે તે નિશ્ચિત વાત છે. આ શ્રી નરનારાયણના આરાધનથી સર્વ ઈચ્છાઓ પૂર્ણ થશે અને નિષ્કામ પુરુષો શ્રી નરનારાયણની સેવાથી ભવસાગરને તરી બ્રહ્મપુર ધામને પામશે.** પ્ર.પ.અ.-૬૭ માં શ્રીહરિ કહે છે, હે ભક્તો ! **પ્રત્યક્ષ શ્રીકૃષ્ણમાં અને નરનારાયણાદિ મૂર્તિઓમાં જરાપણ ભેદ નથી જ એમ તમો જાણો.**

ભક્તચિંતામણિ ગ્રંથમાં પ્ર.-૬ માં ઋષિમુનિઓએ બદરિકાશ્રમમાં ઋષિ સ્વરૂપે રહેલા શ્રી નરનારાયણ ભગવાનની સ્તુતિ કરી તે વૈરાગ્ય મૂર્તિ શ્રી નિષ્કુળાનંદ મુનિ પોતાની કલમે લખે છે -

**જય અક્ષરધામી અકામી,**
**જય સર્વ તણા તમે સ્વામી ॥૯॥**
**જય અવતારના અવતારી,**
**મત્સ્ય કચ્છ વારાહ મુરારી ॥**
**જય નૃહરિ વામન નાથ,**
**જય પરશુરામ રઘુનાથ ॥૧૦॥**

**જય હલધર કૃષ્ણ કૃપાલુ,**
**જય બુધ્ધ કલકી દયાળુ ॥**
**જય અલેખધર અવતાર,**
**જય અકળ સર્વ આધાર ॥૧૧॥**
**એવાં અનેક ધરી શરીર,**
**બેસો બદ્રિતલે બેઉ વીર ॥**
**રહો તાપંસ વેષે હમેશ,**
**જટા મુકુટ સુંદર શીશ ॥૧૨॥**
**શ્રી નારાયણ કૃપાએ કરી,**
**વૃત્તિ અંતરમાંહિ ઉતરી ॥૧૯॥**
**દિઠું અક્ષરધામ અલોકી,**
**પામ્યા સુખ તેહને વિલોકી ॥**
**દિઠો તેજતણો ત્યાં અંબાર,**
**તેહ મધ્યે સિંહાસન સાર ॥૨૦॥**
**તિયાં બેઠા દીઠા બહુનામી,**
**જેહ અક્ષરધામના ધામી ॥**
**અતિ સુંદર મૂરતિ સારી,**
**શોભાધામ શ્યામ સુખકારી ॥૨૧॥**
**તેને નિરખીને પામ્યા આનંદ,**
**ફુલ્યા જેમ કુમોદની ચંદ ॥**
**પછી બારે જોયુ આવી જ્યારે,**
**દીઠી તેની તે મૂરતિ ત્યારે ॥૨૨॥**
**જેવા અક્ષરધામમાં દિઠા,**
**તેવા દિઠા સનમુખ બેઠા ॥**
**તે તો નારાયણનું છે કૃત્ય,**
**એમાં નહિ કાંઈ અચરત્વ ॥૨૩॥**

માટે આપણે સૌ પણ પ્રથમ શ્રી નરનારાયણ ભગવાનને જેવા છે તેવા ઓળખીને સેવા પૂજા સ્તુતિ પ્રાર્થના કરીશું તો તે નરનારાયણ ભગવાનની કૃપાથી અંતકાળે અક્ષરધામાધિપતિ પુરુષોત્તમ નારાયણ ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણના દર્શનને પામીશું. એટલે તો આપણા ઈષ્ટદેવે ગ.પ્ર.પ્ર. ૪૮ માં હરિભક્ત માત્રને આજ્ઞા કરી છે, કે શ્રી નરનારાયણની મૂર્તિ કાગળમાં લખાવી દઈશું, તે પૂજજો, અને એ પૂજા સર્વે શાસ્ત્રે કરીને પ્રમાણ છે..... માટે હરિભક્ત માત્રને પ્રાતઃ કાળમાં સ્નાન કરીને શ્રી નરનારાયણની પૂજા કરવી.... સાર એ છે કે સત્સંગી માત્રની પૂજાની પેટીમાં સહજાનંદ સ્વામીના સ્વરૂપની સાથે સાથે શ્રી નરનારાયણનું સ્વરૂપ અવશ્ય હોવું જોઈએ, અન્યથા એ પૂજા અધુરી ગણાય.

વિમુખપંથીઓ તો દૂર રહ્યા પરંતુ પોતાને મૂળ સંપ્રદાયમાં કહેવડાતા કેટલાક ત્યાગીઓએ પોતાની રીતે કરેલા વચનામૃત પ્રકાશનમાં નરનારાયણની જગ્યાએ ભગવાનના નામનો અન્ય શબ્દ ગોઠવીને ઈષ્ટદેવ ભગવાન શ્રીહરિ તથા વચનામૃત સંગ્રહ કર્તા પાંચ મોટા સદ્‌ગુરુ નંદસંતોનો તેમજ પ્રગટ ભગવાન શ્રી નરનારાયણનો તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ શ્રીહરિના અપર સ્વરૂપ ધર્મવંશી આચાર્યશ્રીનો બહુ મોટો દ્રોહ કર્યો છે. ઈષ્ટદેવના વચનો જેનાથી મનાય છે તેની જ ઉપાસના સર્વોપરી છે. ધર્મધુરંધરના વચનોમાં જેને શ્રધ્ધા અને વિશ્વાસ છે તેનો જ ધર્મ જતે દહાડે રહે છે, બાકી અત્યાર સુધીમાં જેણે જેણે શ્રી નરનારાયણદેવને ન્યુન આંકવા પ્રયત્ન કર્યો છે તેઓ સમયના વહેણમાં ધર્મભ્રષ્ટ થઈને ક્યાંય નામ શેષ થઈ ગયા છે તે સૌ કોઈ જાણે છે. માટે આત્મમંથન કરવું. શ્રીજી મહારાજે પધરાવેલી મૂર્તિઓમાં ક્યાંય ભેદ નથી, જેઓ ભેદ પાડે તેઓ નારકી થાય પરંતુ શ્રીહરિના વચનો જેમ છે તેમ સ્વીકારીએ તો જ શ્રીહરિ રાજી થાય, પોતાની બુધ્ધિનું ડહાપણ ડોળીને ભળતા શબ્દો ગોઠવી દઈએ તો હજારો વાંચકોને ભ્રમિત કરી ગેરમાર્ગે દોરવાનું પાપ વળગે, ઈષ્ટદેવ કુરાજી થાય તેથી ગમે તેટલી ભક્તિ કરવામાં આવે તો પણ બુદ્ધિમાં અંધકાર છવાઈ જાય.

**પર્વ**માં તન, મન, ધનથી સેવા કરીને શ્રીહરિને રાજી કરી લઈએ. દરેક સચ્છાસ્ત્રો તથા નંદસંતોનો એક જ મત છે કે જે ભગવાન શ્રી નરનારાયણ આપણને મળ્યા છે તે જ આપણા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ છે અને તે જ ભગવાન સર્વાવતારી સર્વોપરી અને અક્ષરધામાધિપતિ છે માટે સર્વોપરીના વિવાદમાં પડ્યા વિના, ભગવાન શ્રી સ્વામિનારાયણ અને ધર્મવંશી આચાર્યશ્રીએ પૂજવા આપેલ ઈષ્ટદેવના સ્વરૂપોમાં સર્વોપરી પ્રગટ ભાવ રાખી વર્તમાન કાળે જ પ્રગટ ભગવાનનું દિવ્ય સુખ લેતા શીખીએ. આ **પૃથ્વી મધ્યે ભરતખંડમાં આ ગુજરાતની ધરા એવી ભાગ્યશાળી છે કે જ્યાં એક નહિ પરંતુ નવ નવ મહામંદિરોમાં સ્વયં ભગવાને ભગવાન પધરાવ્યા છે** તેનો કેફ રાખીએ અને **પર્વને સંપૂર્ણપણે માણીએ.**

---

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર અમદાવાદના કોઠાર ઓફિસના લેન્ડલાઈન ફોન બંધ કરવામાં આવ્યા છે. જેની સર્વેએ નોંધ લેવી.**

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી....

કોરોનાના ઘટતા કેસની રાહત અને ત્રીજી લહેરની દહેશત વચ્ચે આપણા મંદિરો અને મ્યુઝિયમ સહિત બધુ ખૂલવા લાગ્યું છે. મ્યુઝિયમમાં દર્શનાર્થીઓ ધીરેધીરે આવવા લાગ્યા છે. મ્યુઝિયમમાં રોપાયેલ વૃક્ષો અને રોપાઓમાં પ્રકૃતિ પૂર્ણ કળાએ ખીલી છે. શ્રીજીની પ્રસાદીની વસ્તુઓ અને પ.પૂ.મોટા મહારાજશ્રીની પ્રત્યક્ષ હાજરીથી દર્શનાર્થીઓને દિવ્ય વાતાવરણનો અનુભવ થયા વગર રહેતો નથી. એ વાત અલગ છે કે ઘણાને ત્યાં ખૂણામાં લગાવેલ “Divine Vibes Zone”બોર્ડ વાંચ્યા પછી દિવ્ય વાતાવરણનો અનુભવ થાય છે.

### શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ મહાપૂજાની યાદી

**એપ્રિલ-૨૦૨૧**

| | |
|---|---|
| તા. ૦૪-૦૪-૨૦૨૧ | શ્રી પ્રકાશભાઈ મનુભાઈ ભાવસાર - સાબરમતી |

**જૂન-૨૦૨૧**

| | |
|---|---|
| તા. ૧૭-૦૬-૨૦૨૧ | એક હરિભક્ત - અમદાવાદ |
| તા. ૨૭-૦૬-૨૦૨૧ | શ્રી કાંતિભાઈ મોહનભાઈ પટેલ - પાદરા |

### શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટની યાદી - જૂન-૨૦૨૧

| | |
|---|---|
| રૂા. ૨,૫૦,૦૦૦/- | શ્રી એક હરિભક્ત - મહેસાણા |
| રૂા. ૧,૭૫,૦૦૦/- | પ.ભ.શ્રી ધીરજભાઈ ટી. સોની (જજ સાહેબ) - નારાયણપુરાધામ - અમદાવાદ |
| રૂા. ૧,૦૦,૦૦૦/- | પ.ભ.શ્રી ચુનીલાલ દુર્લભજી સોની - રાણીપ |
| રૂા. ૭૬,૦૦૦/- | શ્રી નરનારાયણદેવ તથા ધર્મકુળના રાજીપા અર્થે એક હરિભક્ત તરફથી - મહેસાણા |
| રૂા. ૭૫,૦૦૦/- | પૂ. નિહારીકાકુંવરબા દ્વિવેદી (બિન્દુરાજા) - હ. શ્રી સૌમ્યકુમાર તથા શ્રી સુવ્રતકુમાર - ન્યુજર્સી |
| રૂા. ૬૭,૦૦૦/- | એક સત્સંગી હરિભક્ત - પ.પૂ. મોટા મહારાજશ્રીના ૭૭ માં જન્મોત્સવ પ્રસંગે |
| રૂા. ૫૧,૦૦૦/- | પ.ભ.શ્રી પ્રકાશભાઈ મનુભાઈ ભાવસાર - સાબરમતી |
| રૂા. ૫૧,૦૦૦/- | શ્રી મનીષ એન્ટરપ્રાઈઝ - બાવળા |
| રૂા. ૫૧,૦૦૦/- | પ.ભ.શ્રી ડાહ્યાભાઈ નારણદાસ પટેલ-માણસા-પ.પૂ. મોટા મહારાજશ્રીના જન્મોત્સવ પ્રસંગે |
| રૂા. ૫૧,૦૦૦/- | શ્રીમતી વિમળાબેન ડાહ્યાભાઈ પટેલ-માણસા - પ.પૂ. મોટા મહારાજશ્રીના જન્મોત્સવ પ્રસંગે |
| રૂા. ૫૧,૦૦૦/- | પ.ભ. ડૉ. ગંગારામભાઈ ત્રિભોવનદાસ પટેલ - અમદાવાદ |

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.

મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬

**www.swaminarayanmuseum.org/com • email: swaminarayanmuseum@gmail.com**



# ભક્તિસુધા

**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી) એકાદશી સત્સંગ સભા પ્રસંગે (કાલુપુર મંદિર-હવેલી) ''મારી મરજી વિના રે કોઈથી તરણું નવ તોડાય''**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ - ઘોડાસર)

ક્યારેય વિચાર્યું છે કે અચાનક આપણા જીવનમાં એવું કાંઈક થઈ જાય છે કે આપણે કાંઈ જ આયોજન ના કર્યું હોય કાંઈજ પરિશ્રમ ના કર્યો હોય તો પણ અમુક કામ આપણા જીવનમાં થઈ જાય છે. અને ક્યારેક એવું પણ બને છે કે આપણે કોઈ વ્યક્તિ ઉપર સંપૂર્ણ ભરોંસો કર્યો હોય તો પણ તે વ્યક્તિ આપણને છેતરી જાય છે. અને અમુક વખતે એવું પણ થાય છે કે અમુક કામ કરવા માટે ખૂબ પ્રયત્ન કર્યો હોય તો પણ એ ન થાય. તો બધાના જીવનમાં આવું બનતું હોય છે. અને સાંભળ્યું છે અને વાંચ્યું પણ છે કે **બધું ભગવાનની મરજી પ્રમાણે જ થાય છે. તો જો બધું ભગવાનની મરજી પ્રમાણે જ થતું હોય તો બધું જ સારુ સારુ જ થવું જોઈએ એ મોટી વસ્તુ છે. કેમ કે ? એક માતા હોય એ એક માતા તરીકે પોતાના દીકરા-દીકરી માટે જે કાંઈ કરે તે સારું અને સાચું જ કરે ને ?** તો ભગવાન આપણા મા-બાપ છે તો ભગવાન હંમેશા આપણું સારું જ કરે છે. તો શું દુનિયામાં સમાજમાં બધું ખરાબ થાય છે. તેમાં મહારાજની મરજી હોય છે. તો ના... મહારાજે તો ચોખ્ખી વાત કરી છે. **જેટલી આજ્ઞા પાળે એટલું 'સુખ' અને જેટલી આજ્ઞા લોપે એટલું 'દુઃખ'** પરંતુ આપણે શું કરીએ છીએ કાંઈ પણ ખરાબ થાય તો મહારાજ પર ઢોળી દઈએ છીએ કે મહારાજની મરજી એવી હશે અથવા તો સામેવાળી વ્યક્તિ પર ઢોળી દઈએ છીએ કે એણે આમ કર્યું એટલે આવું થયું. પરંતુ એ **અજ્ઞાન જ્ઞાન છે.** સંજોગોના દબાણને આધારે માણસ સ્વ-સ્વભાવમાં રહી શકતો નથી. અને તેને વ્યવહાર-જ્ઞાન ઉત્પન્ન થાય છે. પરિણામે સાચી સમજ રહેતી નથી. તો **શુધ્ધ જ્ઞાન શું છે ? સાચી વસ્તુ શું છે ?** તો અજ્ઞાન જ્ઞાનના આધારે આપણે મહારાજે જે કહ્યું છે કે : મારી મરજી વિના રે કોઈથી તરણું નવ તોડાય. તેનો ખોટો અર્થ કરીને મહારાજ ઉપર આરોપ લગાવી દઈએ છીએ. હકીકતમાં મારી મરજી વિના રે કોઈથી તરણું નવ તોડાય. અર્થાત્ મહારાજ કહેવા માગે છે કે : **'જગત આખું ન્યાય સ્વરુપ છે.' અર્થાત્ એમની જે આ સૃષ્ટિ છે. તેની રચના એવી છે કે દરેક વ્યક્તિને પોતાના કર્મોને આધારે ફળ મળે છે.** એટલે કોઈને કાંઈ સહન કરવું પડે છે. તો તેને એવું લાગે છે કે મારી સાથે અન્યાય થઈ રહ્યો છે. પણ ના આ સૃષ્ટિમાં કોઈને અન્યાય થતો જ નથી. અન્યાય થાય છે તે આપણને અજ્ઞાન જ્ઞાનને લીધે એવું લાગે છે કે મને અન્યાય થાય છે. પરંતુ હકીકતમાં **પરમાત્મા બધાને ન્યાય કરે છે.** આપણે જે કાંઈ કુકર્મ કે કુદૃષ્ટિ કે કુવિચાર કરીએ છીએ તે આપણે એટલા પુરુષાર્થમાં કાચા પડીએ છીએ. મહારાજની મરજીથી થતું નથી. આપણી વિપરીત બુદ્ધિથી થાય છે. **આપણું ભાગ્ય કેવી રીતે બનાવવું, બદલવું તે આપણા હાથની વાત છે. આપણે જેવા કર્મો કરીએ છીએ તેના ફળસ્વરરુપ આપણું ભાગ્ય પરિવર્તિત થતું રહે છે. આપણા જીવનમાં જે કાંઈ ખરાબ થાય છે તે કેમ થાય છે ? તો આપણે એવા કર્મો કરીને આપણું ભાગ્ય ખરાબ કરી દીધું છે.**

અને ધારો કે આપણે જાણીએ છીએ અને માનીએ પણ છીએ કે બધું ભગવાનની મરજીથી થાય છે. તો પણ કોઈ આપણને એમ કહે કે લાવો તમારો હાથ જોઈ દઉં તો હાથ જોવાવાળા પાસે લાઈન લાગી જાય છે અને હાથ જોઈને કોઈએ આપણને એમ કીધું કે આવતું વર્ષ તમારા માટે ખરાબ છે. તો આખું વર્ષ એમાં ને એમાં જ જતું રહે છે. આપણને જે મળ્યું છે તેનું સુખ પણ આપણે ભોગવી શકતા નથી. એવું જ રહ્યા કરે છે કે આ વર્ષ મારા માટે ખરાબ છે. અને કોઈ એમ કહે કે આ વર્ષ તમારા માટે સારુ છે. તો તરત સકારાત્મક ઉર્જા આવી જશે. તો વર્ષ

બહુ સહેલાઈથી નીકળી જાય છે. તો કહેવાનો અર્થ છે કે સંજોગોના દબાણમાં અને કોઈના કહેવામાં કે સાંભળવામાં આવી જઈએ તેને વ્યવહારિક જ્ઞાન અર્થાત્ અજ્ઞાન જ્ઞાન કહેવાય છે. પરિણામે આપણે સ્વ-સ્વભાવમાં રહી નથી શકતા. **લોક-સંજ્ઞાથી આપણે ભેગું કરેલું જ્ઞાન એ 'વિભાવિક' જ્ઞાન (વ્યવહાર જ્ઞાન) છે. અને જ્ઞાનીની સંજ્ઞાથી મળેલું જ્ઞાન આપણને વિભાવમાંથી સ્વ-સ્વભાવમાં લાવે છે. સ્વ-સ્વભાવમાં અર્થાત્ આત્માના સ્વભાવમાં આત્માનો સ્વભાવ છે. સત્-ચિત્ત-આનંદ એ પરમાનંદમાં નથી રહી શકતા, માટે મહારાજની આજ્ઞા પાળવામાં કાચા પડીએ છીએ. અને મહારાજની આજ્ઞા લોપાય છે. કેમ કે ? આપણો પુરુષાર્થ કાચો પડે છે. માટે ખોટું થઈ જાય છે. અને આપણા જીવનમાં એવું કાંઈક બની જાય અને પછી કહીએ કે : મહારાજે કીધું છે કે મારી મરજી વિના કોઈથી તરણું નવ તોડાય તો એવું ના ચાલે એ આપણી 'પોલ' છે.** આપણાથી જે કાંઈ ખોટું થાય છે અથવા બહાર દુનિયામાં ખોટા કુકર્મો થાય છે એ મહારાજની મરજી નથી પણ લોકોના ખરાબ કર્મોના ફળ છે. મહારાજની મરજી એટલે કોઈપણ કાર્ય કરો એમાં ભગવાનને જોડે રાખીને કામ કરવાનું. ભગવાન પાસે પ્રાર્થના કરવાની હોય છે. શક્તિ માગવાની હોય છે કે આપ મને આ કાર્ય કરવા માટે શક્તિ આપો. **એમ મહારાજને સાથે રાખીને કાર્ય કરીએ એટલે આપણને સહેજે એમની આજ્ઞાનું અનુસંધાન રહેશે, તો આપણાથી ખોટું કામ નહિ થાય.** જેમ આપણા દીકરા-દીકરીને સ્કૂલમાંથી હોમવર્ક મળે તો આપણે નથી કરતા આવી રીતે કરો એમ પ્રોત્સાહન આપીએ છીએ. ના ફાવે તો હું જોડે છું. પ્રયત્ન પહેલા જાતે કરો. **તમે કાર્ય કરો હું છું. તમારી સાથે હું ભૂલો સુધારીશ રસ્તો બતાવીશ. એ રીતે ભગવાન આપણી સાથે હોય છે.** પરંતુ એના માટે કાર્ય તો જાતે જ કરવું પડે છે. જીવનમાં આગળ વધવા પુરુષાર્થ તો જાતે જ કરવો પડે છે. તો આપણે એમ ભગવાનને સાથે રાખીને પુરુષાર્થ કરીએ અને મોટા પુરુષનો રાજીપો મેળવીએ તો મહારાજે વચનામૃતમાં કીધું છે તેમ આપણા ખરાબ પ્રારબ્ધ પણ બદલાઈ જાય છે. તો **આપણો પુરુષાર્થ ભાગ કેવો છે. આપણી અંદર મુમુક્ષુત્વ કેવું જાગૃત થયેલ છે તેના પર બધું નિર્ભર છે. તો આપણે સતત અનુસંધાન રાખવાનું છે કે આપણે મોક્ષના રસ્તા પર ચાલીએ છીએ અને મહારાજે મોક્ષનો રસ્તો અતિ સુગમ અને સરસ બતાવ્યો છે. તો સતત મહારાજની આજ્ઞામાં રહીને આગળ ચાલવાનું છે. આપણે આજ્ઞા લોપીએ છીએ તો એ આપણી જવાબદારી છે.** આપણું ભાગ્ય સુધારવું કે બગાડવું તે આપણા હાથની વાત છે. મહારાજે આપણને સ્વતંત્ર શક્તિ આપી છે. આપણે તેનો દૂરપયોગ કરીને પછી મહારાજ ઉપર ઢોળી દઈએ અથવા સામેની વ્યક્તિ ઉપર ઢોળી દઈએ તો એવું ના ચાલે, મહેનતથી પ્રાપ્ત કરીએ છીએ એ મહારાજ આપે છે. **ખૂબજ સાવચેત રહીને ચાલવાનું છે. મોક્ષના માર્ગમાં સહેજ પણ કાચા પડીશું તો ક્યાંય અટવાઈ જવાશે તેની ખબર પણ નહી પડે.** અને બીજું ખાસ એ ધ્યાન રાખવાનું છે કે કોઈ પણ કાર્ય કરો ત્યારે અહંકારથી દૂર રહેવાનું છે. અહંકાર અને ગર્વ બન્નેમાં ફેર છે. અહંકાર એટલે આપણે જે છીએ તેના કરતા વધારે આપણને સમજવાનું અને ગર્વ એટલે તમારા પાસે જે છે. ને આત્મસન્માન ધારો કે **આપણે નરનારાયણદેવના આશ્રિત છીએ. આપણને નરનારાયણદેવની 'છત્રછાયા' મળી છે. એનું આપણને જે ગૌરવ છે. તેને ગર્વ કહેવાય.** પરંતુ એના લીધે જે આવે છે તેને અહંકાર કહેવાય. બન્ને વચ્ચે ઝીણી લાઈન છે. અહંકાર એટલે પોતાની જાતને બીજા કરતા મહાન સમજવાનું. રૂપિયા ધન-દોલત આપણા કરતા જેની પાસે ઓછું છે એના કારણે આપણે તેનું સન્માન ના કરી શકીએ તો એ અહંકાર છે. કોઈપણ વસ્તુનો ગર્વ ક્યારે અહંકારમાં પરિવર્તિત થઈ જાય છે તેની ખબર પડતી નથી. મહારાજનો મહિમા જેને ૧૦૦% સમજાઈ જાય છે તેની અંદર અહંકાર ટકી જ શકતો નથી. અને જે વ્યક્તિ અહંકારથી ભક્તિ કરે છે તે મહામૂર્ખ કહેવાય છે. તેવી વ્યક્તિ પોતાની ભૂલો કે અવગુણોને જોઈ શકતા નથી. **અહંકાર કેવી રીતે જાય ? 'આત્મદર્શન' કેવી રીતે થાય ? આત્માના સ્વભાવિક ગુણો શું છે ? માન અને ઈર્ષા કેવી રીતે ટાળવા ? સાચી અહંકાર રહિત ભક્તિ કેવી રીતે કરવી ?** આ બધું મહારાજે લોયાના ૧૬ માં પંચાળાના ૩ જા અને વડતાલના ૧૧ માં વચનામૃતમાં બતાવ્યું છે. તે સમજી લેવાનું અને મહારાજને પ્રાર્થના કરવાની કે **મને એવી શક્તિ આપો અને મારા જીવનમાં એવા અનુકુળ સંજોગો પ્રાપ્ત થાઓ કે હું બસ મોક્ષના માર્ગે જ આગળ ચાલું.** તો મહારાજ તમને બધાને એવી ખૂબ-ખૂબ શક્તિ આપે એવી મહારાજના ચરણોમાં પ્રાર્થના.

# સત્સંગ સમાચાર

**અમદાવાદ મંદિરમાં પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવ આદિ દેવોને ચંદનના વાઘાના દર્શન**

વિશ્વનું સૌ પ્રથમ મહામંદિર શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર અમદાવાદમાં વૈશાખ સુદ-૩ ત્રીજથી પ્રારંભ થઈ જેઠ સુદ-૧૫ પ્રયન્ત ઠાકોરજીને અલૌકિક ચંદનના વાઘા ધરાવીને દર્શન કરાવવામાં આવ્યા હતા. પરમકૃપાળુ શ્રી નરનારાયણ ભગવાન અને બાલ સ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજના પૂજારી બ્રહ્મચારી-સંતોએ રોજ ચંદનના અલૌકિક વાઘાના દર્શન સૌ ભક્તોને કરાવ્યા હતા. અસહ્ય ગરમીમાં ઠાકોરજીને સુંદર મલિયાગર વાઘા દ્વારા શિતળતાનું સુંદર વાતાવરણ પ્રાપ્ત થતું હતું. અનેક ભાવિક શ્રધ્ધાળું ભક્તોએ યજમાન બનીને આવો અલૌકિક લાભ પ્રાપ્ત કર્યો હતો. જેઠ વદ-૧ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે પરમકૃપાળુ શ્રી નરનારાયણ ભગવાનને કેસર સ્નાન વિધિવત રીતે સંપન્ન થયું હતું. જેના દર્શન કરી સંત-હરિભક્તોએ ધન્યતા અનુભવી હતી. (કોઠારી સ્વામી, કાલુપુર મંદિર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર - ISSO 'સેવા' દ્વારા નિઃશુલ્ક ઓક્સિજન**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તેમજ ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની પ્રેરણા નેતૃત્વમાં શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર તેમજ આઈ.એસ.એસ.ઓ. દ્વારા 'સેવા' દ્વારા કોરોના કાળમાં બીજી લહેરમાં જ્યારે માણસો ઓક્સિજનના અભાવે તરફડીને છેલ્લો શ્વાસ લઈ રહ્યા હતા તેવા સમયમાં શ્રીહરિના દયાળુતાના સ્વભાવિક ગુણ 'કોઈને દુઃખીઓ રે દેખી ન ખમાય દયા આણી રે' તે સ્વભાવ તેમના પુત્રો ધર્મકુળ પરિવારમાં પણ સૌ કોઈને જોવા મળે છે. તે અનુસાર આવા કપરા કાળમાં ૬૦ ઓક્સિજન કોન્સન્ટ્રેટર મશીન ડોનેટ કરવામાં આવ્યા હતા. જેમાં ભૂજ સ્વામિનારાયણ મંદિર જેમાં ૩૦ ઓક્સિજન કોન્સન્ટ્રેટર મશીન, ૧૦ કોન્સન્ટ્રેટર મશીન સુધાર સભા નવાબ કાબરા અજમેર, ૫ ઓક્સિજન કોન્સન્ટ્રેટર મશીન શ્રી આનંદબાવા સેવા સંસ્થાન જામનગર, ૫ ઓક્સિજન કોન્સન્ટ્રેટર મશીન ભુરામુજના ચેરિટેબલ ટ્રસ્ટ પોરબંદર, ૫ ઓક્સિજન કોન્સન્ટ્રેટર મશીન અખિલ સૌરાષ્ટ્ર કચ્છ રઘુવીર સેના જુનાગઢ, ૫ ઓક્સિજન કોન્સન્ટ્રેટર મશીન અખિલ કાકાબા હોસ્પિટલ ભરૂચને ડોનેટ કરવામાં આવ્યા હતા. જેનાથી અનેકની જીંદગી બચી ગઈ. (આઈ.એસ.એસ.ઓ. દ્વારા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર સે-૨ ખાતે દિવ્ય ભવ્ય આમ્રોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા સહ સમગ્ર ધર્મકુળના શુભ આશીર્વાદથી અત્રે મંદિરના મહંત સ્વામી સ.ગુ. પી.પી. સ્વામીની દિવ્ય પ્રેરણાથી ગાંધીનગર સે.-૨ મંદિરમાં બિરાજમાન દેવો સમક્ષ ૭૦૦ કિલો કેરીનો દિવ્ય ભવ્ય આમ્રોત્સવ ઉજવવામાં આવ્યો હતો. હરિભક્તોએ દર્શન કરી ધન્યતા અનુભવી હતી. (પૂજારી સ્વામી દેવપ્રકાશદાસ)

**શ્રી નરનારાયણ ભગવાનના ૨૦૦ માં ''પર્વ'' મહોત્સવ નિમિત્તે શ્રી સ્વામિનારાયણ મંદિર સે.-૨ ગાંધીનગર ખાતે યોજવામાં આવેલ ''વૃક્ષારોપણ''**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તેમજ ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા અને આશીર્વાદથી એવમ્ તેઓના અધ્યક્ષપદે ઉજવાનાર અમદાવાદ કાલુપુર મંદિરમાં બિરાજમાન શ્રી નરનારાયણ ભગવાનના ૨૦૦ માં ''પર્વ'' પ્રસંગે શ્રી સ્વામિનારાયણ મંદિર સે.-૨ ગાંધીનગર ખાતે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

આ ''પર્વ'' મહોત્સવ અંતર્ગત નિજ મંદિર ખાતે સર્વોપરી સર્વાવતારી પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુની અંતર્ધાન તિથિ જેઠ સુદ-૧૦ ના રોજ ''વૃક્ષારોપણ''ના કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ જાતના ફૂલછોડ તથા વૃક્ષો મળીને કુલ ૫૦ જેટલા વૃક્ષો રોપવામાં આવ્યા હતા.

દેવપ્રકાશ સ્વામી દ્વારા સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ઘણા હરિભક્તોએ સેવાનો લાભ લીધો હતો. (બિપીન એમ. પટેલ - ગાંધીનગર)

**ધજાના યજમાનશ્રી પ.ભ. માવજી પ્રેમજી કેરાઈ - રામપર (કચ્છ-ભુજ)**
**પ.ભ. લક્ષ્મીબેન મૂળજી વેકરીયા - બળદીયા (કચ્છ-ભુજ)**

**શ્રી સહજાનંદ ગુરુકુળ કોટેશ્વર દ્વારા ટિફિન સેવા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા સહ સમગ્ર ધર્મકુળના શુભ આશીર્વાદથી શ્રી સહજાનંદ ગુરુકુળ કોટેશ્વરના વ્યવસ્થાપકશ્રી સ.ગુ. પુરુષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી અને શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજીના માર્ગદર્શન હેઠળ કોરોના જેવી વિશ્વ મહામારીમાં લોકોના ઘર-ઘર સુધી બપોરે અને સાંજે ટિફિન પહોંચાડી લોકોની જઠરાગ્નિ તૃપ્ત કરી હતી. ઘરે ઘેર ટિફિન પહોંચાડવાની સેવા શ્રી નરનારાયણદેવ યુવક મંડળ કોટેશ્વરે કરી હતી. આ રીતે ભગવાન શ્રી સ્વામિનારાયણે તેમના સમયમાં ચલાવેલા સદાવ્રતની ઝાંખી પુરી પાડી હતી. અંદાજે ૧૮૦૦૦ જેટલા ટિફિન લોકોના ઘર સુધી પહોંચાડવામાં આવ્યા હતા. (મહેન્દ્ર ભગત - કોટેશ્વર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર આર.સી. ટેકનિકલ ઘાટલોડિયાનો ચતુર્થ વાર્ષિક પાટોત્સવ ઉજવાયો**

પરમકૃપાળુ ઈષ્ટદેવ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા સહ સમગ્ર ધર્મકુળના શુભ આશીર્વાદથી તથા ગાંધીનગર (સે.-૨)ના મહંત સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર આર.સી. ટેકનિકલ ઘાટલોડિયાનો ચતુર્થ વાર્ષિક પાટોત્સવ વિધિવત રીતે ઉજવાયો. પાટોત્સવ પ્રસંગે મહંત સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી અને પૂજારી સ્વામી દેવપ્રકાશદાસજીએ સત્સંગ કથાવાર્તા કરીને લાભ આપ્યો હતો. અને શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી વર્ષ (પર્વ)ના વિશેષ કાર્યક્રમની જાણકારી આપી હતી. (કોઠારીશ્રી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર હિંમતપુરાનો ૨ જો વાર્ષિક પાટોત્સવ ઉજવાયો**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા સહ સમગ્ર ધર્મકુળના શુભ આશીર્વાદથી તથા ગાંધીનગર (સે.-૨)ના મહંત પી.પી. સ્વામીના માર્ગદર્શન અને પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર હિંમતપુરાનો બીજો વાર્ષિક પાટોત્સવ સુંદર રીતે ઉજવાયો. આ પ્રસંગે શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજીએ પધારી સુંદર સત્સંગ કથાવાર્તાનો લાભ આપ્યો હતો. અને શ્રી નરનારાયણદેવ (દ્વિશતાબ્દી) 'પર્વ' અંતર્ગત કાર્યક્રમની વિશેષ જાણકારી આપી હતી. (કોઠારીશ્રી)

**સમૌ ગામને આંગણે આમ્રોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા સહ સમગ્ર ધર્મકુળના શુભ આશીર્વાદથી તેમજ ગાંધીનગર સે.-૨ મંદિરના મહંત સ્વામી પી.પી. સ્વામીની પ્રેરણાથી શ્રી નરનારાયણદેવના દ્વિશતાબ્દી વર્ષ (પર્વ) નિમિત્તે ૨૦૦ કિલો કેરીનો આમ્રોત્સવ ધરાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે સ.ગુ. પી.પી. સ્વામી અને પૂજારી સ્વામી દેવપ્રકાશદાસજી પધાર્યા હતા અને ''પર્વ'' ની ઉજવણીની ધાર્મિક અને સામાજીક કાર્યક્રમની વિગતવાર માહિતી આપી હતી. (કોઠારીશ્રી - સમૌ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર હર્ષદ કોલોની (બાપુનગર)**

શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા એવમ્ સમગ્ર ધર્મકુળના શુભ આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી (ગાંધીનગર સે.-૨)ની પ્રેરણાથી અને તેઓશ્રીની ઉપસ્થિતિમાં ''પર્વ'' મહોત્સવના ઉપલક્ષ્યમાં તા. ૨૦-૬-૨૧ ના રોજ રાત્રે ૯ થી ૧૧ બે કલાક શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ધૂન થઈ હતી. પર્વના ઉપલક્ષમાં સ્વામીએ શ્રી નરનારાયણદેવનો મહિમા સમજાવી પ્રાસંગિક પ્રવચન કર્યું હતું.

આ જ દિવસે જેઠ સુદ-૧૦ ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની અંતર્ધ્યાન તિથિ હોવાથી બહેનોના મંદિરમાં સવારે ૮ થી ૧૦ વિશેષ બે કલાક શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ધૂન થઈ હતી. (ગોરધનભાઈ વી. સીતાપરા)

**વડુ (તા. કડી) ગામે કોવિડ સેન્ટર**

પરમકૃપાળુ શ્રી નરનારાયણ ભગવાનની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-પ્રેરણાથી તથા સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી શ્રી નરનારાયણદેવ દેશ તાબાના શ્રી સ્વામિનારાયણ મંદિર વડુ દ્વારા ટ્રસ્ટીઓ અને ગામના સમસ્ત હરિભક્તોના સુંદર પ્રયાસથી કોરોનાના દર્દીઓ માટે કોવિડ સેન્ટર શ્રી નરનારાયણદેવ સત્સંગ સમાજ વાડીમાં શરૂ કરવામાં આવ્યું હતું. જેમાં જરૂરિયાત મુજબ બેડની ઓક્સિજન સાથેની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. જેમાં અનેક કોરોનાગ્રસ્ત દર્દીઓની નિઃશુલ્ક સેવા કરવામાં આવી. દેશ-વિદેશના હરિભક્તોના આર્થિક સહયોગથી આવી લોકપયોગી પ્રવૃતિ થઈ હતી. આ રીતે આપણા અનેક મંદિરો સંસ્થાઓમાં કોવિડ સેન્ટર શરૂ કરાયા હતા. (પ્રવિણભાઈ પટેલ - વડુવાળા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર જીવરાજપાર્કનો ૩૩ મો પાટોત્સવ ઉજવાયો**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સ.ગુ. મહંત સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ

મંદિરનો ૩૩ મો પાટોત્સવ શ્રી સ્વામિનારાયણ સત્સંગ સમાજ જીવરાજપાર્કના યજમાનપદે વિધિવત રીતે યોજવામાં આવ્યો હતો. જે અંતર્ગત બિરાજમાન હરિકૃષ્ણ મહારાજનો અભિષેક સ.ગુ. પી.પી. સ્વામી તેમજ દેવપ્રકાશ સ્વામી દ્વારા કરવામાં આવ્યો હતો અને ઠાકોરજી સમક્ષ અન્નકૂટ ધરવામાં આવ્યો હતો. અન્નકૂટનો તમામ પ્રસાદ અને રસ પુરી શાક ૧૦૦૦ જરૂરિયાતમંદલોકોને પ્રસાદ સ્વરૂપે ''પર્વ''ના ઉપલક્ષમાં વહેંચવામાં આવ્યો હતો. (કોઠારીશ્રી - જીવરાજપાર્ક)

**શીલજ ગામથી કાલુપુર પદયાત્રા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા સહ શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી વર્ષ નિમિત્તે પ.પૂ. ભાવિ આચાર્યશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ કરેલ આજ્ઞા મુજબ અમદાવાદ વિસ્તારના શીલજ ગામથી દર પૂનમે કાલુપુર સ્વામિનારાયણ મંદિર શ્રી નરનારાયણ ભગવાનના દર્શનાર્થે પદયાત્રાનું આયોજન સ.ગુ. સ્વામી પુરુષોતમપ્રકાશદાસજી (ગાંધીનગર સે-૨)ની પ્રેરણાથી કરેલ છે. જે હરિભક્તોને જોડાવવાની ઈચ્છા હોય તેમણે શ્રી હિતેન્દ્રભાઈ પટેલ મો. : ૯૮૭૯૮૫૩૮૧૦ નો સંપર્ક કરવો. (રૂદ્ર પટેલ)

**ધરમપુર ભુંડિયામાં ''પર્વ''ના ઉપલક્ષમાં ધૂન**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા સહ સમગ્ર ધર્મકુળના શુભ આશીર્વાદથી શ્રી નરનારાયણદેવના દ્વિશતાબ્દી વર્ષ ''પર્વ''ના ઉપલક્ષમાં પ.પૂ. ભાવિ આચાર્યશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા મુજબ શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ધૂનનો પ્રારંભ એકાદશીના સ.ગુ. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી કરવામાં આવ્યો હતો. બન્ને એકાદશીએ રાત્રે ૮-૦૦ થી ૯-૦૦ શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ધૂનનું આયોજન ગામના સર્વે હરિભક્તોએ કર્યું હતું. ધૂન બાદ ગાંધીનગરથી પધારેલા સ.ગુ. પી.પી. સ્વામી અને દેવપ્રકાશ સ્વામી દ્વારા સત્સંગ કથાવાર્તાનો લાભ પ્રાપ્ત થયો હતો. (કોઠારીશ્રી ધરમપુર - ભુંડિયા)

**''પર્વ'' મહામહોત્સવના ઉપલક્ષમાં ઝુમ મિટિંગથી કથા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા પ્રેરણાથી આપણા આગામી શ્રી નરનારાયણ ભગવાનના ૨૦૦ માં પાટોત્સવ ''પર્વ'' મહામહોત્સવના ઉપલક્ષમાં વડુ (તા. કડી) શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા **Zoom Meeting** થી દર ગુરૂવારે સત્સંગ સભા થાય છે. જેમાં દેશ વિદેશના હરિભક્તો જોડાય છે. જેમાં શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન, શ્રી નરનારાયણ અષ્ટક, નંદ સંતો રચિત કીર્તન ભક્તિ તેમજ આપણા સંતો દ્વારા કથા અને છેલ્લે ઠાકોરજીની આરતી થાય છે.

સમય : દર ગુરુવારે સવારે ૮-૩૦ થી ૧૦-૩૦, ઈસ્ટર્ન ટાઈમસ અમેરિકા, કેનેડા. ભારતીય સમય, દર શુક્રવારે સવારે ૬-૦૦ થી ૮-૦૦. વક્તા : પૂ. વિદ્વાન સંતો દ્વારા સંત સમાગમ સવારે ૯-૪૫ કલાકે, આયોજક : શ્રી નરનારાયણદેવ સત્સંગ સમાજ વડુ. (પ્રવિણભાઈ પટેલ - વડુ)

**મોટપ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ''પર્વ'' મહામહોત્સવના ઉપલક્ષમાં અખંડ મહામંત્ર ધૂન**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી આગામી શ્રી નરનારાયણ ભગવાનના ૨૦૦ માં પાટોત્સવ ''પર્વ'' મહામહોત્સવના ઉપલક્ષમાં શ્રી સ્વામિનારાયણ હરિમંદિર મોટપ ગામ ખાતે તા. ૧૭-૬-૨૧ ના રોજ ૨૦૦ કલાકની શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂનનું સુંદર આયોજન થયું હતું. જેમાં મોટપ ગામના તમામ હરિભક્તો નાના બાળકથી લઈ યુવાનો અને વયોવૃધ્ધ હરિભક્તો પણ ખૂબજ ભાવ પ્રેમ શ્રધ્ધાથી ભગવાનના નામનું અખંડ રટણ કરી ભાગ્યવાન બન્યા હતા. ધૂનની પૂર્ણાહુતિ પ્રસંગે મહેસાણા આપણા મંદિરના મહંત સ્વામી સ.ગુ. નારાયણપ્રસાદદાસજીએ સંત-મંડળ સાથે પધારી મૂ.અ.મૂ. સદ્‌ગુરુ પૂજ્ય ગોપાળાનંદ સ્વામીના પૂજેલા લાલજી મહારાજની આરતી ઉતારીને ૨૦૦ કલાકની ધૂનની પૂર્ણાહુતિ કરી હતી. (અશોકભાઈ પટેલ - સ્વા. મંદિર મોટપ)

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

**હરિકૃષ્ણધામ રણજીતગઢ (હળવદ)**

મૂળીધામ નિવાસી શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તેમજ પૂજ્યપાદ મોટા મહારાજશ્રીના શુભ સંકલ્પ સાથે તેમજ પ.પૂ. ૧૦૮ શ્રી લાલજી મહારાજ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના અધ્યક્ષપદે ઉજવાનાર શ્રી નરનારાયણ ભગવાનનો ''પર્વ'' મહોત્સવના ઉપલક્ષમાં રણજીતગઢ હરિકૃષ્ણધામ મંદિરના મહંતશ્રી ભક્તિહરિદાસજી સ્વામી તેમજ તેમના શિષ્ય મંડળ દ્વારા હળવદ તેમજ આજુબાજુના ગામડાઓમાં ગરીબ માણસોને ૫૦૦ જોડી ચંપલનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ ધ્રાંગધ્રા તેમજ આજુબાજુના ગામડાઓમાં પણ ચંપલનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ રીતે લોકપયોગી સુંદર પ્રવૃત્તિ પર્વ ઉત્સવ નિમિત્ત થઈ રહી છે. (અનિલ બી. દુધરેજીયા)

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

**વૈશાખ સુદ-૧** અ.નિ.પ.ભ. હિરજીભાઈ લાલજીભાઈ પટેલ - દેવપુરા, **વૈશાખ સુદ-૨** અ.નિ.પ.ભ. ધનજીભાઈ રાયમલભાઈ હેરમા - રતનપર, અ.નિ.પ.ભ. મનુભાઈ જે. સુહાગીયા - અમદાવાદ, અ.નિ.પ.ભ. કોકીલાબેન રમેશચંદ્ર શાહ - અમદાવાદ, પ.ભ. કનુભાઈ હરિભાઈ વેકરીયા - અમદાવાદ, પ.ભ. કિરીટભાઈ ભગવાનદાસ સોની - લંડન, પ.ભ. દિપીકાબેન પંડ્યા - અમદાવાદ. **વૈશાખ સુદ-૩** અ.નિ.પ.ભ. ધર્મેન્દ્ર વસંતરાય પડીયા - અમદાવાદ, અ.નિ.પ.ભ. બીનાબેન નિરવભાઈ ધોળકિયા - અમદાવાદ, અ.નિ.પ.ભ. ચંદ્રકાંત છબીલદાસ શાહ - અમદાવાદ, પ.ભ. પ્રભુદાસ ચિમનભાઈ પટેલ - અમદાવાદ, પ.ભ. મૈત્રીબેન હિતેષભાઈ પટેલ - અમદાવાદ, પ.ભ. જૈવિકભાઈ બિપીનભાઈ બલર - ભાવનગર, પ.ભ. વિમલભાઈ કાંતિભાઈ સોની - અમદાવાદ, પ.ભ. જીગરકુમાર અશોકભાઈ પટેલ - વર્જીનિયા, **વૈશાખ સુદ-૪** પ.ભ. સૂરજબેન મફતલાલ પટેલ - ઝુંડાલ. **વૈશાખ સુદ-૫** પ.ભ. શૈલેષભાઈ ભાવસાર હરિૐ પરિવાર - અમદાવાદ, પ.ભ. મધુબેન ઈશ્વરભાઈ પટેલ - અમદાવાદ, **વૈશાખ સુદ-૬** અ.નિ.પ.ભ. રામજીભાઈ મેઘજીભાઈ - નડીયાદ. **વૈશાખ સુદ-૭** પ.ભ. રંગાણી સ્નેહલકુમાર રમેશભાઈ - અમદાવાદ. **વૈશાખ સુદ-૯** અ.નિ.પ.ભ. પટેલ રમણભાઈ બેચરદાસ - અમદાવાદ. **વૈશાખ સુદ-૧૦** પ.ભ. જીતભાઈ પૂજારા સાહેબ - અમદાવાદ, પ.ભ. શારદાબેન અમરતભાઈ પટેલ - રાજપુર, અ.નિ.પ.ભ. લાલજીભાઈ ધનજીભાઈ કેરાઈ - અમદાવાદ. **વૈશાખ સુદ-૧૧/૧૨** અ.નિ.પ.ભ. ચંદ્રિકાબેન ભીખાભાઈ ભાવસાર - અમદાવાદ. **વૈશાખ સુદ-૧૩** પ.ભ. રસિકભાઈ શંકરદાસ પટેલ - મોખાસણ, અ.નિ.પૂ. સ.ગુ. સ્વામી નિર્ગુણદાસજીની પુણ્યતિથિ નિમિત્તે - S.G.V.P. ગુરુકુળ, પ.ભ. પ્રદિપભાઈ ચતુરભાઈ પટેલ - ગવાડા, પ.ભ. ઈશ્વરભાઈ એમ. પટેલ - વડોદરા, અ.નિ.પ.ભ. મંજુલાબેન જગદીશભાઈ પટેલ - ગાંધીનગર, પ.ભ. રેખાબેન પ્રવિણભાઈ નસીત - અમદાવાદ, અ.નિ.પ.ભ. વાલબાઈ વાઘજી હિરાણી - મિરજાપુર-કચ્છ, અ.નિ.પ.ભ. હિરાબેન કાંતિલાલ પટેલ - ગણેશપુરા, એચ. કે. બસ સર્વિસ પ.ભ. હરૂભાઈ પટેલ - અમદાવાદ, અ.નિ.પ.ભ. હિરાબેન વેલજીભાઈ - ટ્રેન્ટ. **વૈશાખ સુદ-૧૪** પ.ભ. મંજુલાબેન ઈન્દુભાઈ પટેલ - અમદાવાદ, પ.ભ. મુકુંદભાઈ ત્રિભોવનભાઈ મીસ્ત્રી - અમદાવાદ, શ્રી ગોપીનાથજી એજન્સી - અમદાવાદ. **વૈશાખ સુદ-૧૫** પ.ભ. ઓધવજીભાઈ રણછોડભાઈ કૈલા - અમદાવાદ, પ.ભ. અક્ષર સ્મિત પટેલ - ધમાસણા, સાંખ્યયોગીબા શ્રી રાજકુંવરબા તથા સાં. ઉષાબા - હવેલી-મોરબી, અ.નિ.પ.ભ. ચિમનભાઈ કેશવલાલ પટેલ - અમદાવાદ.

**વૈશાખ વદ-૧** પ.ભ. પંકજભાઈ ગાંડાભાઈ પટેલ - અમદાવાદ, પ.ભ. નિલ સોની - અમદાવાદ, પ.ભ. પ્રિસાબેન સચિનભાઈ પટેલ - સાંકાપુરા, પ.ભ. ભગવતીબેન વિઠ્ઠલભાઈ - અમદાવાદ. **વૈશાખ વદ-૨** અ.નિ.પ.ભ. નરોતમભાઈ રતનજીભાઈ પટેલ - સુરત, પ.ભ. પ્રફુલભાઈ પટેલ - સૂકાટીંબા. **વૈશાખ વદ-૩/૪** પ.ભ. શામજી કુંવરજી રાબડીયા - લંડન, અ.નિ.પ.ભ. પ્રેમીલાબેન ઘનશ્યામભાઈ - બાલાસિનોર. **વૈશાખ વદ-૫** પ.ભ. જય રાજેશભાઈ શાહ - બોટાદ, પ.ભ. બંસીભાઈ પટેલ - ગામડી, પ.ભ. રૂદ્ર નિખિલભાઈ પટેલ - મરતોલી, પ.ભ. જય મનોજભાઈ બ્રહ્મભટ્ટ - અમદાવાદ, પ.ભ. શાંતાબેન અંબાલાલ પટેલ - કરજીસણ. **વૈશાખ વદ-૬** અ.નિ.પ.ભ. અમતાબેન છગનભાઈ કાનાણી - અમદાવાદ, અ.નિ.પ.ભ. દર્શનભાઈ વસંતભાઈ મહેતા - અમદાવાદ, પ.ભ. જય રાજેન્દ્રભાઈ ગજ્જર - અમદાવાદ, પ.ભ. દેવેન્દ્રભાઈ ઝવેરલાલ પંડ્યા - અમદાવાદ. **વૈશાખ વદ-૭** પ.ભ. ગંગાબેન બેચરભાઈ લાલભાઈ પટેલ - અમદાવાદ, અ.નિ.પ.ભ. ખીમજીભાઈ નારણભાઈ રાબડીયા - રામપર-કચ્છ, સાંખ્યયોગીબાશ્રી રાજકુંવરબા, સાં.યો.બા શ્રી ઉષાબા - મોરબી. **વૈશાખ વદ-૮** અ.નિ.પ.ભ. મંગુબેન પ્રહલાદભાઈ પટેલ - ભાવપુરા. **વૈશાખ વદ-૯** અ.નિ.પ.ભ. રમણભાઈ જોઈતારામભાઈ પટેલ - વડુ, અ.નિ.પ.ભ. હિરજી શામજી વેકરીયા - રામપર-વેકરા-કચ્છ, પ.ભ. માવજી હરજી રાબડીયા - નાગલપર-કચ્છ. **વૈશાખ વદ-૧૦** અ.નિ.પ.ભ. દિપકભાઈ ભગવતીપ્રસાદ ત્રિવેદી - નાગલપર-કચ્છ, પ.ભ. મૂળજી માવજી રાબડીયા - નાગલપર-કચ્છ. **વૈશાખ વદ-૧૧** પ.ભ. મહેશભાઈ આશાભાઈ પટેલ - અમદાવાદ, પ.ભ. ગીતાબેન નવિનભાઈ પટેલ - પોર, અ.નિ.પ.ભ. ભાસ્કરભાઈ જયદેવભાઈ બ્રહ્મભટ્ટ - અમદાવાદ, પ.ભ. મિલિંદભાઈ શાહ - અમદાવાદ, પ.ભ. વિદ્યાબેન ચિમનલાલ - નારણપુરા, અ.નિ.પ.ભ. કમલેશભાઈ નારાયણદાસ પટેલ - અમદાવાદ, અ.નિ.પ.ભ. દેવુ ભગત જયસિયારામ - રાણાકંડોરણા, અ.નિ.પ.ભ. ભીખાલાલ અંબાલાલ ભાવસાર - અમદાવાદ. **વૈશાખ વદ-૧૨** અ.નિ.પ.ભ. અનીલભાઈ લાલજીભાઈ પટેલ - મુંબઈ, અ.નિ.પ.ભ. મંજુલાબેન જગદીશભાઈ પટેલ - ગાંધીનગર, અ.નિ.પ.ભ. દેવુ ભગત જયસિયારામ - રાણાકંડોરણા, અ.નિ.પ.ભ. કલાવતીબેન મણીભાઈ ઝિંઝુવાડીયા - અમદાવાદ, અ.નિ.પ.ભ. તેજબાઈ ખીમજી છાબડીયા - માંડવી-કચ્છ, પ.ભ. રમેશભાઈ અંબાલાલ પટેલ - અમદાવાદ, પ.ભ. હરેશકુમાર મણીભાઈ પટેલ - રડોદરા, પ.ભ. શ્વેતાબેન પી. દલાલ - અમદાવાદ. **વૈશાખ વદ-૧૩** અ.નિ.પ.ભ. ભીખાભાઈ ગોવિંદભાઈ પરમાર - અમદાવાદ, પ.ભ. પરેશભાઈ બી. પટેલ - ગવાડા, અ.નિ.પ.ભ. અશોકભાઈ મોહનભાઈ જાવીયા - ધૂડકોટ-હાલાર. **વૈશાખ વદ-૧૪** અ.નિ.પ.ભ. નારાયણભાઈ દેવસી વેકરીયા - માંડવી-કચ્છ. **વૈશાખ વદ-૩૦** પ.ભ. અમરકુમાર વિષ્ણુપ્રસાદ પટેલ - અમદાવાદ, અ.નિ.પ.ભ. ગૌરીબેન પ્રવિણભાઈ પટેલ - ભાવનગર, પ.ભ. જગદીશચંદ્ર રતીલાલ પટેલ, અ.નિ.પ.ભ. ભરતભાઈ ગંગદાસભાઈ જાગાણી - અમદાવાદ

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ વતી પ્રકાશિત કર્યું.

આશરે ૧૨૨ વર્ષ પહેલા ભુજથી આચાર્ય શ્રી પુરૂષોત્તમપ્રસાદજી પર લખાયેલ આ પત્રમાં કોરનટાઈન શબ્દનો પ્રયોગ કરાયો છે જેના માધ્યમથી માલુમ પડે છે કે ત્યારે પણ અત્યારના જેવો રોગચાળો કે મહામારી આવ્યા હશે.

શ્રીસ્વામીનારાયણ ભગવાન સત્ય છે.

સ્વસ્તિ શ્રી અમદાવાદ માહાશુભ સ્થાને વીરાજમાન ઉતમોઉતમ પરમપુજ્ય ચરણકમલ પરમદયાલુ ધરમધુરંધર ધરમકુલતિલક ધરમકુલભૂષણ ધરમવંશ દિનમણી નિજાશ્રીત યથોક્ત સ્વધર્મ મર્યાદા સ્થાપન તતપર ગુરૂરાજ શ્રીમદ્ ભક્તિધરમનંદન ચરણાવિંદ લુબ્ધ માનસભૃંગ એકાંતિકધર્મ નિષ્ઠ એવીંગ અનેક સર્વે શુભ ઉપમાં લાયક આચાર્ય શ્રી ૧૦૮ પુરશોતમપ્રસાદજી મહારાજ શ્રીકેશવપ્રસાદજી માહારાજની પવિત્ર સેવામાં શ્રીભુજનગરથી લી. આપના દરશનનો અભીલાશી સાધુ અક્ષરજીવનદાસનાં ઘણા સ્નેહ પૂર્વક સાષ્ટાંગ દંડવૃત સહીત જય શ્રી સ્વામીનારાયણ વાંચશો – બાદ વીનતી સાથે લખવાનું કે આપનો ખુશાલી ભરેલો પત્ર આજરોજ આવ્યો તે વાંચી ઊર ચડાવ્યો. તેમાં આપે સતસંગ જીવનની પોથી મોકલાની તાકીદ લખી તે વિશે લખવાનું કે આપશ્રી ના લખવાથી વાતે અમારી આંખ ઉગડે તેવી નથી કારણ કે પુસ્તક લેવા વખતે જેવી આતુરતા હોએ તેવી પોછો મોકલવા વખતે ન હોએ ને હાલે પુસ્તક ઘણા દહાડાથી પડ્યું છે. પરંતુ હું અમદાવાદ આવેલ ત્યારે આપણા માંથી કોઇ પણ એ પુસ્તક બાબત યાદાશ આપી નહીં. નહીતર પુસ્તક રા.ગીરજાશંકરભાઈ મુલજી સાથે મોકલી આપત. પણ તે બાબત વિશેષે ગાફલાઈ અમારી છે.

હાલ આપના લખવા પ્રમાણે પુસ્તક મોકલવામાં હરકત ઘણી છે. કારણ કે હાલે આખરના દિવસ તેમ અમદાવાદ વીગેરેમાં કાંઈક રોગ જેવું હોવાથી ખારી ફેરરમાં દશ દિવસ કોરનટાઈનમાં રાખે છે. માટે હાલ પુસ્તક વિના ચાલે તેવું હોએ તો જન્માષ્ટમી ઉપર પોચતો કરી દેશી વળી પુસ્તક વગર ચાલે તેવું ના હોએ તો આપની આજ્ઞા પ્રમાણે વરતીએ તદોપરાંત આપને આજ્ઞા કરી એટલે અડધે વચને પણ પોચાડવો જોઈએ પણ વચન ઊથલાવવો ન જોઈએ પરંતુ હાલ નો વખત કઠણ છે. જેથી માવિત્ર જાણી અરજ કરીએ તે લક્ષમાં લઈ પુસ્તક વિના અટકી રહ્યુહોએ તો વલતો સમાચાર કૃપા કરી લખશો તો ગમે તે રીતે અડચણ ભોગવી મોકલી આપશું અત્રે સતસંગ પ્રકરણના પ્રકરણ-૨ છે ને માંહેલો પ્રકરણ કલી છે તે આપને સેજ જાણવા સારૂ લખ્યું છે. હાલ અત્રે માંડવી વીગેરે ગામડા ઓમાં રોગની સાંન્તિ છે એજ વળતો પત્ર કામકાજ સેવાચાકરી ફરમાવશો. ત્યાં ધરમકુળ તથા સાધુ બ્રહ્મચારી પારશદ હજુરી કોઠારી કારભારી હરીભક્ત સર્વે ને ઘણા સ્નેહ પૂર્વ જય શ્રી સ્વામીનારાયણ કહેવરાવશો અત્રેથી સાધુ બ્રહ્મચારી પાળા હરીભક્ત કોઠારી આદી સર્વેના ઘણા કરી જય શ્રીસ્વામીનારાયણ વાંચશો. સં. ૧૯૫૬ ના વર્ષે વૈશાકવદ ૨ વારબુધ.

સાધુ પુરાણી ધરમજીવનદાસજીને જય શ્રી સ્વામીનારાયણ કેતાં તેઓ અત્રે ક્યારે આવશે તે લખાવશો. લી. હું છું. આપનો આજ્ઞાંકિત ચરણ સેવક નિર્ભયરામ પ્રાગજીના કોટાનકોટી દંડવૃત પૂર્વક જય શ્રીસ્વામીનારાયણ આપની પવિત્ર સેવામાં અંગીકારશો.

પુસ્તકની જરૂર હોતાં આપ મોકલાવું લખો તો મનુષ્ય સાથે મોકલવાની ઘણીક જાતની હરકત છે. વાસ્તે ટપાલ રસ્તે મોકલવામાં કાંઇ હરકત ન હોએ તો મોકલી આપીએ માટે તેવો જવાબ લખશો.

વિશ્વના સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિર,
અમદાવાદમાં બિરાજમાન શ્રી નરનારાયણ ભગવાનના ૨૦૦ વર્ષ

# पर्व

૨૭ ફેબ્રુઆરી થી ૫ માર્ચ ૨૦૨૨

શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ - ૩૮૦૦૦૧

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના દેશ-વિદેશના હરિભક્તોના આગ્રહ અને સવલત માટે
ઓનલાઈન ડોનેશન કાલુપુર મંદિરની ઓફિશીયલ વેબસાઈટ પર નીચે આપેલ લીંક દ્વારા કરી શકાશે.
htpp://www.swaminarayan.in/donation

Registered under RNI is - GUJ GUJ/2007/20221 " Permitted to post at Ahd. PSO on 11 the every month under postal REG. No. GAMC. 003 / 2021 - 2023 Valid up to 31-12-2023 issued by the SSPO's License to post without Prepayment No. PMG/NG/028/2021/2023 Valid up to 31-12-2023

Praful Kharsani